RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 296, Dt.04-3-2025 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# માર્ચ મહિનામાં જ ભીષણ ગરમી ભુક્કા બોલાવશે

## હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, માર્ચથી મે દરમિયાન દેશના મોટાભાગના ભાગોમાં સામાન્ય કરતાં વધુ ગરમીના દિવસો રહેવાની શકયતા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પંખા, કુલર અને એસી... તેમને રિપેર કરાવો, જો તે કામ કરતી સ્થિતિમાં હોય તો તેમને સાફ કરો અને એકવાર તપાસો. કારણ કે હવે તમને આ ઈલેક્ટ્રોનિક ઉપકરણોની જરૂર પડશે અને તે પણ ખૂબ જલ્દી. માર્ચ મહિનાની શરૂઆતમાં જ ગરમીએ પોતાની અસર બતાવવાનું શરૂ કરી દીધું છે. સામાન્ય રીતે આ દિવસોમાં હળવો શિયાળો હોય છે, પરંતુ ઋતુ પરિવર્તનને કારણે શિયાળો ગાયબ થઈ ગયો છે.

લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. હવામાન વિભાગે માર્ચથી મે દરમિયાન દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્યથી ઉપર રહેવાની આગાહી કરી છે. દ્વીપકલ્પીય ભારતના દક્ષિણ ભાગો અને ઉત્તરપૂર્વ ભારતના છૂટાછવાયા વિસ્તારો સિવાય, જ્યાં મહત્તમ તાપમાન સામાન્યથી નીચે રહેવાની ધારણા છે.

હવામાન વિભાગની ચેતવણી ભયાનક છે. આ વખતે લોકોને તીવ્ર ગરમીની સાથે સાથે ભારે ગરમીનો પણ સામનો કરવો પડશે. જો હવામાન વિભાગના અહેવાલ પર વિશ્વાસ કરવામાં આવે તો, તે માર્ચથી જ શરૂ થઈ શકે છે. સ્થિતિ એટલી ખરાબ હશે કે સૂર્યોદય થતાં જ લોકો ઘરની બહાર નીકળવા માટે પરસેવો પાડવા લાગશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, માર્ચથી મે દરમિયાન દેશના મોટાભાગના ભાગોમાં સામાન્ય કરતાં વધુ ગરમીના દિવસો રહેવાની શકયતા છે. તેની મોટાભાગની અસર દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, ઝારખંડ, પંજાબ, હરિયાણા વગેરે રાજ્યોમાં જોવા મળશે.

માર્ચ મહિનો વરસાદ અને તોફાનનો મહિનો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, માર્ચ દરમિયાન દેશભરમાં સરેરાશ વરસાદ સામાન્ય રહેવાની શકયતા છે, પરંતુ આ વખતે ઉત્તર ભારતના રાજ્યોમાં વરસાદનો અભાવ રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હી, ઉત્તર પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, બિહાર, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં વરસાદ સામાન્યથી ઓછો રહેવાની શકયતા છે. આ ઉપરાંત, આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, મહારાષ્ટ્ર, ગુજરાત, ગોવા, ઓરિસ્સા, તેલંગાણા, પશ્ચિમ બંગાળ જેવા દ્વીપકલ્પીય ભારતના કેટલાક ભાગોમાં વરસાદની શકયતા સામાન્ય કરતાં વધુ રહે છે.

આ બધા વચ્ચે, હવામાન વિભાગના તાજેતરના અપડેટમાં કહેવામાં આવ્યું છે કે ૯ માર્ચથી પશ્ચિમી હિમાલય ક્ષેત્ર પર એક નવો પશ્ચિમી વિક્ષેપ આવવાની શકયતા છે, તેના પ્રભાવ હેઠળ જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. ઉત્તરપૂર્વ આસામ અને તેની આસપાસના વિસ્તારોમાં નીચલા ઉષ્ણકટિબંધીય સ્તરોમાં એક ચક્રવાતી પરિભ્રમણ છે.



તાપમાન વિશે વાત કરીએ તો, હવામાન વિભાગ કહે છે કે રાજસ્થાનમાં મહત્તમ તાપમાન આગામી ૩ દિવસ દરમિયાન લગભગ ૨-૩ ડિગ્રી સેલ્સિયસ ઘટવાની અને આગામી ૨ દિવસ દરમિયાન ૨-૩ ડિગ્રી સેલ્સિયસ વધવાની શકયતા છે. આ ઉપરાંત, આગામી ૪-૫ દિવસ દરમિયાન ભારતના બાકીના ભાગોમાં મહત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થવાની શકયતા નથી. ઉપરાંત, ગોવામાં ૬ માર્ચ સુધી અને કર્ણાટકમાં ૭ માર્ચ દરમિયાન ગરમ પવનોનો પ્રવાહ ચાલુ રહેશે.

ઉનાળાની ઋતુમાં હીટસ્ટ્રોકનો ભોગ બનવું સામાન્ય છે. તેને હીટ સ્ટ્રોક અથવા સન સ્ટ્રોક પણ કહેવામાં આવે છે. એફએચ મેડિકલ કોલેજના સિનિયર જનરલ ફિઝિશિયન ડો. જાવેદે જણાવ્યું હતું કે ઊંચા તાપમાને લાંબા સમય સુધી તડકામાં રહેવાને કારણે લોકો હીટ સ્ટ્રોકનો ભોગ બને છે. તેમણે જણાવ્યું કે હીટ સ્ટ્રોકને કારણે વ્યક્તિના શરીરનું તાપમાન ઝડપથી વધે છે. શરીર પરસેવો બંધ કરે છે, જેના કારણે શરીર ડિહાઈડ્રેટેડ થઈ જાય છે. તેમનું કહેવું છે કે જ્યારે આવું થાય છે, ત્યારે ઘણા પ્રકારના લક્ષણો દેખાવા લાગે છે.

ડો. જાવેદે કહ્યું કે હીટ સ્ટ્રોક પછી શરીર સંપૂર્ણપણે નબળું પડી જાય છે. બેભાન થવું, ખૂબ તાવ, ઉલટી, ઢીલાશ, ઝડપી ધબકારા, શુષ્ક ત્વચા, ગરમ કે લાલ ત્વચા, આ બધા લક્ષણો હીટ સ્ટ્રોકથી પીડાય ત્યારે જોવા મળે છે. તેમનું કહેવું છે કે જો આવું થાય, તો દર્દીએ તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ. કયારેક સારવારમાં વિલંબ દર્દીના જીવને જોખમમાં મૂકે છે.

તેમણે કહ્યું કે આ રોગથી બચવા માટે, સૂર્યપ્રકાશથી બચવું મહત્વપૂર્ણ છે; જો તમે બહાર જાઓ છો, તો છૂટક અને હળવા રંગના કપડાં પહેરો અને છત્રી, ટુવાલ અને સનગ્લાસ સાથે રાખો. આ ઉપરાંત, પુષ્કળ પાણી અને અન્ય પ્રવાહી પીવો.

# કેનેડા - મેકિસકો પર ૨૫% અમેરિકી ટેરીફનો અમલ આજથી

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**





અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જે ટેરીફ વોરની જાહેરાત કરી હતી તેનો અમલ શરૂ કરી દીધો છે અને અમેરિકાએ આજથી મેકસીકો અને કેનેડા પર ૨૫% ટેરીફ વધારાની જાહેરાત કરી છે.

જેથી આ બન્ને દેશોમાંથી થતી અમેરિકી આયાત ૨૫% મોંઘી પડશે પણ તેની સાથે આ બન્ને દેશોને પણ તેના નિકાસ મોરચે ફટકો પડશે. જો કે કેનેડાએ તુર્તજ વળતી જાહેરાત કરી છે અને કેનેડાએ પણ અમેરિકી આયાત પર વધારાના ૨૫% ટેરીફ લાદવાની જાહેરાત કરીને અમલ શરૂ કરી દીધો છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ જ ટેરીફ વધારાની જાહેરાત કરી હતી પણ કેનેડા મેકસીકો સાથે વાટાઘાટ માટે તે ૩૦ દિવસ સ્થગીત રાખ્યા હતા જે મુદત આજથી પુરી થઈ છે અને અમેરિકી ટેરીફનો અમલ શરૂ થયો છે.

કેનેડાએ અગાઉ અમેરિકામાં ઘૂસણખોરી અટકાવવા જે વધારાના દળો ગોઠવવા સહિતની ખાતરી આપી હતી પણ ટ્રમ્પને તેનાથી સંતોષ થયો નથી. મેકસીકોએ પણ આ પ્રકારના પગલા લીધા છે. ઉપરાંત મેકસીકોએ ડ્રગ-બીઝનેસ સાથે સંકળાયેલા અનેક ડ્રગ-માફીયાઓને પણ અમેરિકાના હવાલે કર્યા છે અને કેનેડાએ પણ આજ એકશન લીધા છે.

# માર્ગ અકસ્માતમાં ઘાયલોને મફત સારવાર આ મહિનાથી જ

## સરકાર ૧.૫ લાખ સુધીનો ખર્ચ ઉઠાવશે, હરિયાણા અને પંજાબ સહિત ૬ રાજ્યોમાં પાયલોટ પ્રોજેક્ટ સફળ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

માર્ગ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને આ મહિનાથી એટલે કે માર્ચ ૨૦૨૫થી ૧.૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર મળશે. આ નિયમ ખાનગી હોસ્પિટલો માટે પણ ફરજિયાત રહેશે. આ સિસ્ટમ સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે. આ માટે ગઈઅઈ નોડલ એજન્સી તરીકે કામ કરશે.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ગઈઅઈ)ના અધિકારીના જણાવ્યા અનુસાર, આ યોજના માટે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૧૬૨માં પહેલાથી જ સુધારો કરવામાં આવ્યો છે. આ યોજનાને સંપૂર્ણપણે લાગુ કરતા પહેલા, છેલ્લા ૫ મહિનામાં પુડુચેરી, આસામ, હરિયાણા અને પંજાબ સહિત છ રાજ્યોમાં એક પાયલોટ પ્રોજેક્ટ ચલાવવામાં આવ્યો હતો, જે સફળ રહ્યો હતો.

ગઈઅઈ અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસ કે કોઈપણ સામાન્ય નાગરિક કે સંસ્થા ઘાયલોને હોસ્પિટલમાં લઈ જાય કે તરત જ તેમની સારવાર શરૂ થઈ જશે. આ માટે કોઈ ફી જમા કરાવવાની રહેશે નહીં. ઘાયલોની સંભાળ હોસ્પિટલ લેશે, પછી ભલે તેમના પરિવારના કોઈ સભ્યો તેમની સાથે હોય કે ન હોય. ખાનગી અને સરકારી બંને હોસ્પિટલોએ કેશલેસ સારવાર આપવી પડશે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે ૧૪ માર્ચ, ૨૦૨૪ના રોજ માર્ગ અકસ્માત પીડિતોને રોકડ રહિત સારવાર પૂરી પાડવા માટે પાયલોટ પ્રોજેક્ટ કેશલેસ ટ્રીટમેન્ટ સ્કીમ શરૂ કરી હતી. આ પછી, ૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ, ગડકરીએ દેશભરમાં આ યોજનાની સત્તાવાર શરૂઆતની જાહેરાત કરી. આ યોજના હેઠળ, દેશમાં ગમે ત્યાં કોઈ પણ માર્ગ અકસ્માત થાય તો, ઘાયલ વ્યક્તિને ભારત સરકાર દ્વારા સારવાર માટે વધુમાં વધુ ૧.૫ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. જેના કારણે તે ૭ દિવસ સુધી હોસ્પિટલમાં



સારવાર કરાવી શકશે. જો હોસ્પિટલે પ્રાથમિક સારવાર પછી દર્દીને મોટી હોસ્પિટલમાં રેફર કરવો પડે, તો તે હોસ્પિટલે ખાતરી કરવી પડશે કે દર્દીને જ્યાં રેફર કરવામાં આવી રહ્યો છે ત્યાં જ દાખલ કરાય. ૧.૫ લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર પછી, NHAI તેની ચુકવણી માટે નોડલ એજન્સી તરીકે કામ કરશે, એટલે કે સારવાર પછી, દર્દી કે તેના પરિવારને ૧.૫લાખ રૂપિયા સુધીની રકમ ચૂકવવાની રહેશે નહીં.

# યુક્રેનને તમામ લશ્કરી મદદ સ્થગીત કરવા અમેરિકાનો આદેશ

## શાંતિ હેતુ માટે ‘વાતાવરણ’ બનાવવા પ્રયાસ : વ્હાઈટ હાઉસનો બચાવ : કાયમી સહાય સ્થગિત થઈ નથી

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકી પ્રેસીડેન્ટ આવાસ વ્હાઈટ હાઉસમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમેર ઝેલેસ્કી વચ્ચેની ૪૦ મીનીટની તીખી વાતચીત અને અમેરિકી ઈતિહાસમાં કદાચ પ્રથમ વખત કોઈ દેશના વડાને ગેટ-આઉટ જેવી સ્થિતિમાં મુકયા બાદ હવે ટ્રમ્પે યુક્રેન પર નિર્ણાયક પ્રહાર કરતા આ દેશને છેલ્લા ત્રણ વર્ષથી વધુ સમયથી અપાતી અમેરિકાની તમામ લશ્કરી મદદ સ્થગીત કરવા આદેશ આપ્યો છે.

તે તાત્કાલીક અસરથી અમલી બની જશે. રશિયાએ યુક્રેન પર આક્રમણ કરીને જે રીતે આ ક્ષેત્રમાં યુદ્ધ ચાલુ કર્યુ હતું તેમાં અમેરિકાના બાઈડન તંત્ર અને પુરા યુરોપે સતત યુક્રેનને લશ્કરી સહિતની સહાય પુરી પાડીને રશિયાની સામે લડવા માટે તાકાતવાર બનાવ્યુ હતું.

જેમાં અમેરિકી સહાય સૌથી મહત્વની હતી અને ડિપ્લોમેટીક મોરચે પણ અમેરિકા-યુરોપ યુક્રેનની સાથે હતા પણ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ બનતા જ અમેરિકી નીતિમાં યુ-ટન આવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે આ યુદ્ધ અટકાવવાની જાહેરાત કરવાની સાથે યુક્રેનને લગભગ શરણાગતિની સ્થિતિમાં મુકી દીધુ છે અને હવે ગત સપ્તાહની ઘટના બાદ પ્રમુખ ટ્રમ્પે તમામ લશ્કરી સહાય સ્થગીત કરવા આદેશ આપ્યા છે. વ્હાઈટ હાઉસે જાહેર કર્યુ છે કે, તે હવે આ નીતિની સમીક્ષા કરશે. હવે યુક્રેનને લડવા માટે દારૂગોળો- એન્ટી ટેન્ક- મિસાઈલ અને રોકેટ સહિતની સહાયતા નહી મળે. આ પુર્વે અમેરિકાએ જે અત્યાર સુધીમાં ૧૮૦ બિલિયન ડોલરની યુક્રેનને કરી છે તેના બદલે હવે યુક્રેનના અત્યંત મહત્વના ખનીજ પર તે હકક માંગે છે. વ્હાઈટહાઉસે જાહેર કર્યુ છે કે હાલ સહાય સ્થગીત કરી છે. કાયમ માટે રોકી નથી અને પ્રમુખ ટ્રમ્પના હેતુ શાંતિ-વ્યાપાર માટે વાતાવરણ બનાવવાનો છે. હવે યુરોપ આ સ્થિતિમાં યુક્રેનને કેટલી મદદ કરી શકે છે તેના પર નજર છે.

યુક્રેન-રશિયા યુદ્ધમાં શાંતિ સમજુતીના નામે યુક્રેનને શરણાગતિ જેવી સ્થિતિમાં મુકવા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રયાસમાં હવે રશિયા



પરના પ્રતિબંધો પણ હળવા કરવાની તૈયારી છે.૨૦૨૨માં રશિયાના યુક્રેન પર આક્રમણ સાથે અમેરિકાએ રશિયાની નિકાસને ફટકો પડે, રશિયાના ટોચના ઉદ્યોગપતિઓ કંપનીમાંથી અમેરિકા સહિતમાં રહેલી મિલ્કતો ફ્રીજ કરાયા હતા પણ અમેરિકી વિદેશ વિભાગના સૂત્રોએ દાવો કર્યો કે રશિયા પરના પ્રતિબંધો હળવા કરવા આગામી દિવસોમાં ચર્ચા થઈ શકે છે.અમેરિકામાં રશિયન ક્રુડના ભાવ પર પણ મર્યાદા મુકી હતી તથા અમેરિકી શીપ કંપનીઓને પણ રશિયન ક્રુડ મોંઘા ઉત્પાદનોની હેરાફેરી મોંઘી કરવા આદેશ આપ્યો હતો.

# રોહિત શર્મા વિશે કોંગ્રેસના પ્રવકતા શમા મોહમ્મદના ટવીટ પર સર્જાયેલો રાજકીય વિવાદ વધુ વકર્યો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્માને નજાડોથ અને પ્રતિભાહીન ગણાવતા કોંગ્રેસના પ્રવકતા શમા મોહમ્મદના ટવીટ પર સર્જાયેલો રાજકીય વિવાદ વધુ વકર્યો છે.



ટવીટ ડીલીટ કરવા સાથે ભાજપના નેતાઓના આરોપ બાદ કોંગ્રેસ પ્રવકતાએ બોલીવુડ અભિનેત્રી અને ભાજપ સાંસદ કંગના રનૌતનુ રોહિત શર્માને સાંકળતુ જૂનુ ટવીટ જારી કર્યુ છે.

જેમાં કંગનાએ રોહિત શર્માની ટીકા કરી હતી. આ મામલે ભાજપના મૌન પર કોંગ્રેસ પ્રવકતાએ સવાલ ઉઠાવ્યો છે. કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા મનસુખ માંડવીયાએ કોંગ્રેસ પ્રવકતા શમા મોહમ્મદના ટવીટને અત્યંત શરમજનક ગણાવીને આકરા પ્રહાર કર્યા હતા.

ભાજપના અન્ય નેતાઓએ પણ ટીકા કરી હતી તે સાથે કોંગ્રેસ પ્રવકતા શમા મોહમ્મદે ભાજપ પર વળતો પ્રહાર કર્યો છે. ભાજપ સાંસદ-બોલીવુડ અભિનેત્રી કંગના રનૌતે ૨૦૨૧માં ખેડૂત આંદોલન વિશેના રોહિત શર્માના વિધાનની ટીકા કરી હતી.

આ ટવીટ પણ વિરોધ બાદ ડીલીટ કરી દેવાયુ હતુ. કોંગ્રેસ પ્રવકતાએ કંગનાનુ આ જૂનુ ટવીટ કરી ઉઘાડુ પાડીને એવો સવાલ કર્યો હતા કે, નકંગનાના આ સ્ટેન્ડ વિશે ભાજપ નેતાઓએ શું કહેવુ છે?થ

૨૦૨૧માં રોહિત શર્માએ ખેડુતોનુ સમર્થન કરીને યોગ્ય ઉકેલનુ વિધાન કર્યુ હતુ. ત્યારે કંગનાએ તેના વિરુદ્ધ વાંધાજનક ટવીટ કર્યુ હતુ. જો કે, ટીકા થતા તે ડીલીટ થયુ હતુ.

# ૨૧ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની યુએસ કોસ્ટગાર્ડ દ્વારા ધરપકડ

**મુખ્ય સમાચાર, કેલિફોર્નિયા(અમેરિકા)**

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં આવ્યા તે પહેલેથી જ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને અમેરિકામાંથી હાંકી કાઢવાની વાત કરતા રહ્યા હતા અને સત્તામાં આવ્યા બાદ તો તેમણે ક્રિમિનલ અને નોન-ક્રિમિનલ બંને પ્રકારના અમેરિકામાં ગેરકાયદે રહેતા લોકો સામે રીતસરનો સપાટો બોલાવવાનું શરૂ કરી દીધું છે. તેમ છતાં લોકો ગેરકાયદે અમેરિકા જવાનું બંધ નથી કરી રહ્યા.

ટ્રમ્પે અમેરિકામાં ઘુસણખોરી થતી અટકાવવા માટે મેક્સિકો બોર્ડર પર સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરવાની સાથે દરિયાના માર્ગને સુરક્ષિત કરવા કોસ્ટ ગાર્ડને પણ સતર્ક રહેવા જણાવ્યું છે. ત્યારે યુએસ કોસ્ટ ગાર્ડ (ઞજઈશ્ર)એ કેલિફોર્નિયાના સાન ડિઆગોમાં પોઈન્ટ લામાના કાંઠાથી દરિયામાં ૨૦ માઈલ અંદરથી એક બોટમાં સવાર ૨૧ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરી છે અને તેમને યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (ઈઈક)ને સોંપી દેવામાં આવ્યા છે.

પકડાયેલા લોકોની નેશનાલિટી અંગે અધિકારીઓએ કોઈ માહિતી જાહેર કરી નથી. આ પહેલા જાન્યઆરી ૨૫એ સાન ડિઆગોમાંથી ૯ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને લઈ જતી બોટને મિલેટ્રીએ પકડી હતી. જ્યારે ગત ૨ ફેબ્રુઆરીએ પણ ૧૬ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ સાથેની બોટ પકડાઈ હતી.

આ બંને બોટ કેલિફોર્નિયાના દરિયામાંથી જ પકડાઈ હતી. ટ્રમ્પે સત્તા સંભાળ્યા બાદ દરિયાના રસ્તે થતી ઘુસણખોરીમાં મોટો ઘટાડો આવ્યો છે. ટ્રમ્પના ઓવેલ ઓફિસમાં પહેલા એક મહિના દરમિયાન કોસ્ટગાર્ડે માત્ર



૮,૩૨૬ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ પકડ્યા છે.

ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોતાના એડમિનિસ્ટ્રેશનની પીઠ થાબડતા શનિવારે લખ્યું હતું કે, ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશનની પોલિસીઝ કારણે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ માટે બોર્ડર ક્લોઝ થઈ ગઈ છે.

સાથે જ તેમણે ચેતવણી આપી હતી કે, જે પણ અમેરિકામાં ગેરકાયદે પ્રવેશવાનો પ્રયાસ કરાશે તેની સામે કડક કાર્યવાહી કરાશે અને તાત્કાલીક ડિપોર્ટ કરી દેવાશે.

# કુદરતી આપદા સામે વીમા કવચ આપવા સરકારની તૈયારીઃ વ્યવસ્થાપન એજન્સીને જવાબદારી સોંપી

## વાવાઝોડુ, પૂર, ભૂકંપ ઉપરાંત અતિ ગરમી, ઠંડી, વરસાદ જેવી ઘટનાઓથી નુકશાન પર નિશ્ચિત વીમા રકમ ચુકવાશે

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

કેન્દ્રે પોતાની મુખ્ય આપતિ વ્યવસ્થાપન એજન્સીને જલવાયુ પરિવર્તન સાથે જોડાયેલી ઘટનાઓથી થતા નુકશાનને ઘટાડવા માટે એક વીમા પ્રોડકટ તૈયાર કરવાની જવાબદારી સોપી છે.આ પગલુ દેશમાં વધતી જતી આવી ઘટનાઓને ધ્યાનમાં લઈને ઉઠાવવામાં આવ્યુ છે.

વસ્તીનો મોટો ભાગ આ આપતીઓનો સામનો કરવા માટે અસમર્થ છે. મામલાની જાણકારી રાખતા બે લોકોએ નામ ન છાપવાની શરતે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય આપતિ વ્યવસ્થાપન ઓથોરીટીએ ભારતીય બજાર માટે એકલ જોખમ પેરામેટ્રિક વીમા પ્રોડકટ વિકસીત કરવા માટે એક કાર્ય સમુહની રચના કરી છે.આપતિ જોખમ નવીનીકરણ સમિતિ નામના સમુહમાં નાણાકીય સેવા વિભાગને સભ્ય તરીકે સામેલ કરવામાં આવ્યા છે.

આ વીમા પોલીસી વાવાઝોડુ પુર, ભૂકંપ કે ત્યાં સુધી અતિ ગરમી, ઠંડી કે વરસાદ સહીત કોઈ ખાસ ઘટના થવાથી જીવન કે સંપતિનાં નુકશાન પર એક નિશ્ચિત રકમ ચુકવવી પડશે. સુત્રોએ જણાવ્યું હતું કે એકવાર વીમાની રૂપરેખા નકકી થઈ ગયા બાદ, કેન્દ્ર સરકાર વીમા




કંપનીઓને વિશેષ રૂપથી આપતિ સંભવીત ક્ષેત્રોમાં આર્થિક રીતે નબળા સમુહો માટે વિશેષ વીમા ઉત્પાદન ડીઝાઈન કરવા કહેશે જો જરૂરી જણાશે તો કેન્દ્ર સરકાર તેને કિફાયતી બનાવવા માટે પ્રિમીયમ પર સબસીડી આપશે.,આવા ઉત્પાદનોને લોંચ કરવામાં નાણાકીય સહાયતા માટે રાજયોને પણ સામેલ કરવામાં આવશે. જે અન્ય વીમાકર્તાઓ માટે ઉચ્ચ પુનઃવીમા ખર્ચનાં કારણે મોંઘા થઈ શકે છે.

# જામનગરમાં મકાનોમાં થયેલી લાખો રૂપિયાની ચોરીનો ભેદ ઉકેલાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં ત્રણ મકાનોમાં થયેલી લાખો રૂપિયાની માલમત્તાની ચોરીનો ભેદ ઉકેલવામાં કઈઈની ટુકડીને મહત્વની સફળતા સાંપડી છે, અને ચોરાઉ માલમતા સાથે એક તસ્કરને અટકાયતમાં લઈ લીધો છે. જ્યારે તેના ફરાર થઈ ગયેલા અન્ય એક સાગરીતની શોધખોળ ચલાવાઈ રહી છે.આ બનાવની હકીકત એવી છે કે, ગત તા.૨૦.૦૨.૨૦૨૫ ના રાત્રી દરમ્યાન પ્રફુલભાઈ રમણીકભાઈ ચૌહાણ રહે. દિવ્યમપાર્ક, ખોડીયાર કોલોની જામનગર ના બંધ રહેણાક મકાનના કોઈ અજાણયા ચોર ઈસમોએ દરવાજાનો નકુચો તોડી મકાન માથી સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ કિ.રૂ. ૫૨૧૫૦૦ની ચોરી કરી લઈ ગયા હોવાની ફરિયાદ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાઈ હતી.તેમજ તા.૨૪.૧૦.૨૦૨૪ ના રાત્રી દરમ્યાન માયાબેન રામજીભાઈ ચંદ્રા રે હે, હીયડા રોડ,સેનાનગર જામનગર ના બંધ મકાનના કોઈ અજાણયા ચોર ઈસમોએ દરવાજો તોડી મકાન માથી, સોના ચાંદીના દાગીના મળી કુલ કિ.રૂ ૩,૯૨,૫૦૦ ની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાવાઈ હતી.

રાત્રી દરમ્યાન રાકેશભાઈ રામાશંકરભાઈ સિંધ રહે.ઢીચડા રોડ,સેનાનગર જામનગર ના બંધ રહેણાક મકાનમાં કોઈ અજાણયા ચોર ઈસમોએ દરવાજો તોડી મકાનમાંથી સોના ચાંદીના દાગીના મળી કુલ કિ.રૂ ૩૦,૫૦૦ ની ચોરી કરી લઈ જતાં ફરિયાદ નોંધાવી હતી.જેથી જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂ ના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ના પોલીસ ઈન્સ. વી.એમ. લગારીયા તેમજ પો.સ.ઈ..પી.એન.મોરી અને પો.સ.ઈ. સી.એમ.કોટેલીયાની શાહવાડી હેઠળ એલસીબી ની ટુકડીએ ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરીને ઉપરોક્ત ત્રણેય ચોરીનો ઉકેલી નાખ્યા છે અને એક તસ્કરની અટકાયત કરી લીધી છે.એલ.સી.બી.ની ટીમ ધ્વારા બનાવ સ્થળની વિઝીટ કરવામાં આવી હતી, અને સી.સી ટીવી ફુટેજ ચેક કરી જરૂરી વર્ક આઉટ કરી ઉપરોકત ત્રણેય ઘરફોડ ચોરીમા સંડોવાયેલા મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ સેના નગરમાં રહેતા જ્ઞાનેન્દ્રસીંગ જગદીશસીંગ જાટની અટકાયત કરી લીધી છે, અને તેની પાસેથી ચોરીમાં ગયેલો તમામ મુદ્દા માલ કબજે કરી લેવામાં આવ્યો છે.પકડાયેલ આરોપી.આ ઉપરાંત તેની સાથે ચોરીમાં સંડોવાયેલો મૂળ ઉત્તર પ્રદેશનો વતની અને હાલ ડિફેન્સ કોલોનીમાં રહેતો સંદિપ મોતીલાલ રાઠોડ કે જે ભાગી છુટ્યો હોવાથી તેને ફરારી જાહેર કરી પોલીસ દ્વારા શોધખોળ ચલાવવા આવી રહી છે.



એલસીબીની ટીમની કુનેહ પૂર્વકની કામગીરીને લઈને ઉપરોક્ત ત્રણેય ચોરીઓનો ભેદ ઉકેલાઈ ગયો છે. બંને તસ્કરો દિવસ દરમિયાન બંધ મકાનની રેકી કરીને રાત્રે ચોરીને અંજામ આપતા હતા.પોલીસે પકડેલા એક આરોપી કે જેણે પૂછપરછ દરમિયાન એવો ખુલાસો કર્યો છે કે બંને તસ્કરો સાથે મળીને દિવસ દરમિયાન રેકી કરતા અને ત્યારબાદ રાત્રિના સમયે બંધ મકાનને નિશાન બનાવતા હતા. જે આરોપીઓએ દિવસ દરમ્યાન ઉપરોક્ત ત્રણેય બંધ રહેણાક મકાન ની રેકી કરી, ત્યારબાદ રાત્રીના સમયે બંધ મકાનના તાળા તોડી, તેમજ દરવાજા તોડી અંદર પ્રવેશી ચોરીને અંજામ આપ્યો હતો.

# જામનગર જિલ્લા પંચાયતની પશુપાલન શાખા દ્વારા ત્રણ ગામોમાં પશુ આરોગ્ય મેળો યોજાયો



જામનગર જિલ્લા પંચાયતની પશુપાલન શાખા દ્વારા ત્રણ ગામોમાં પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું. વિજરખી, બેડ અને વસઈ ગામમાં પશુપાલન અને પ્રાણી કલ્યાણ જાગૃતિ માસ અંતર્ગત આ મેળો યોજાયો.મેળામાં પશુપાલકોને અનેક સેવાઓ પૂરી પાડવામાં આવી. પશુઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી. કૃમિનાશક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું. પશુપાલકોને બિયારણ મીનીકીટ પણ આપવામાં આવી.ગ્રામજનોને પ્રાણી કલ્યાણકારી કાયદાઓની માહિતી આપવામાં આવી. હાલમાં ચાલી રહેલી પશુધન વીમા સહાય યોજના વિશે માર્ગદર્શન અપાયું. એફ.એમ.ડી.ના રસીકરણ અંગે પણ માહિતી આપવામાં આવી.પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા ગ્રામજનોએ મોટી સંખ્યામાં આ મેળાનો લાભ લીધો. આ કાર્યક્રમથી પશુપાલકોને તેમના પશુઓની સારવાર અને માર્ગદર્શન એક જ સ્થળે મળ્યા

# મોરબીમાં હાઉસિંગ બોર્ડના ભાડેના મકાનમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો: બે આરોપીની ધરપકડ

## એ ડિવિઝન પોલીસે ચોરીમાં ગયેલ ૧૩.૪૦ લાખ રોકડ અને દાગીના રિકવર કર્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરમા શનાળા રોડ ગુજરાત હાઉસીંગ બોર્ડમા ભાડેના મકાનમાં રોકડ અને સોનાના દાગીના ભરેલ થેલો ભુલાય ગયા બાદ તેની ચોરી થયા અંગે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી, જે ચોરીનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી એ ડિવિઝન પોલીસે બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે એક મહિલા આરોપી સહિત ત્રણ આરોપીઓ સામે ગુનો દાખલ કર્યો છે. આ સાથે પોલીસે પકડાયેલ આરોપીઓ પાસેથી ચોરી કરેલ ૧૩.૪૦ લાખની રોકડ અને સોનાના દાગીના સહિત તમામ મુદ્દામાલ પરત મેળવી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



મોરબી શનાળા રોડ ન્યુ ગુજરાત હાઉસીંગ બોર્ડ સતેશ્વર મહાદેવ મંદિરની બાજુમા રહેતા હસમુખભાઇ લખમણભાઇ કાઠીયા કર જેઓનું મકાન બનતું હોય ત્યારે ભાડેના મકાનમાં રહેતા હોય,જે બાદ તેમનું મકાન બની જતા ગત તા.૨૫/૦૨ના રોજ ભાડેનું મકાન ખાલી કરી પોતાના નવા રહેણાંક મકાનમા સામાન ફેરવેલ તે દરમ્યાન સોનાના દાગીના તેમજ રોકડા રૂપીયા ભરેલ થેલો ભાડે રહેતા મકાનમા ભુલાઇ ગયલ હોય, ત્યાર ભાડેનુ મકાન પણ પાડવાનું હોય, જે મકાન પાડવા માટે મજુર લોકોને આપેલ હોય જે મજુરોએ સદરહુ થેલાની ચોરી કરી તેમાથી રોકડ રૂ.૩,૨૦,૦૦૦/- તથા સોનાના દાગીના કિ.૧૦,૨૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૧૩,૪૦,૦૦૦/- ની ચોરી થયેલાની ફરીયાદીની ફરીયાદ આધારે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ગુનો દાખલ કરી તપાસની તજવીજ શરૂ કરી હતી.

ઉપરોક્ત ચોરીની પોલીસ તપાસ દરમ્યાન, હયમુન સોર્સીસ તેમજ સી.સી.ટી.વી. એનાલીસીસ દરમ્યાન એ.એસ.આઇ સવજીભાઇ દાફડા તથા એ.એસ.આઇ ધર્મેન્દ્રસિંહ જાડેજા, હેડ કોન્સ. હિતેષભાઇ ચાવડા, કોન્સ પૃથ્વીરાજસિંહ જાડેજાને બાતમી મળેલ કે મકાનમા ચોરી થયેલ તેમા કામ કરવા આવેલ મજુરો હોવાની બાતમી મળતા તુરંત તે મજુરોની સઘન પુછપરછ કરતા, મજૂરોએ કબુલાત આપી કે તેઓ મકાન પાડવા આવેલ ત્યારે મકાનમા એક થેલો હોય તેમા રોકડા રૂપીયા તેમજ સોનાના દાગીના મળી આવતા તેની તેઓએ ચોરી કરી લીધેલ અને ચોરી કરેલ દાગીના અને રોકડ તેના દલવાડી સર્કલ કેનાલ પાસે આવેલ ઝુપડામા છુપાવેલ હોવાનુ જણાવ્યું હતું. જેથી પોલીસે આરોપી રાકેશભાઇ વાગુભાઇ ભીલાભાઇ નીનામા તથા આરોપી મુકેશભાઇ વાગુભાઇ ભીલાભાઇ નીનામા રહે.બંને મોરબી કંડલા બાયપાસ દલવાડી સર્કલ મુળરહે.જાંબુખંદન તા.બાજના જી.રતલામ (એમ.પી) વાળાની ધરપકડ કરી હતી, જ્યારે ચોરીના ગુનામાં સંડોવાયેલ મહિલા આરોપી જયોતિબેન રાકેશભાઇ વાગુભાઇ નીનામા ની અટક કરવા પર બાકી હોય, જે બાદ સીટી એ ડિવિઝન પોલીસે પકડાયેલ આરોપીના ઝુપડામાથી ચોરીમા ગયેલ તમામ સોનાના દાગીના કિ.રૂ.૧૦,૨૦,૦૦૦/- તથા રોકડા રૂ.૩,૨૦,૦૦૦/- મળી કુલ રૂ.૧૩,૪૦,૦૦૦/-નો મુદામાલ કબ્જે કરી ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# હાઈવે ઉપર ભારે વાહન વિરૂધ્ધ ચેકિંગ ડ્રાઇવ યોજી,કડક કાર્યવાહી કરતી મોરબી જીલ્લા પોલીસ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લામાં ટ્રાફિક નિયમોની અમલવારી કરવા તેમજ વાહન અકસ્માતમાં ઘટાડો લાવવા ઉપરાંત ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી કરાવવા માટે મોરબી જીલ્લા પોલીસ દ્વારા હાઈવે ઈપર ભારે વાહનોની ચેકિંગ ડ્રાઇવ રાખવા આવેલ હતી. આ ડ્રાઈવ દરમ્યાન રોંગ સાઇડ ચાલતા વાહનો, વાહનમાં માલ-સામાન ભરેલ હોય અને તાલપત્રી લગાવેલ ન હોય, નંબર પ્લેટ વગરના વાહનો તેમજ ટ્રાફિક ભંગ કરતા વાહન-ચાલકો સામે કડક કાર્યવાહી કરવા અંગેની ડ્રાઇવ રાખવામાં આવેલ અને આ ડ્રાઇવ દરમ્યાન સઘન વાહન ચેકિંગ કરી ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહન ચાલકો વિરૂધ્ધ મોરબી જીલ્લા પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.



મોરબી જીલ્લામાં તા.૦૩ માર્ચ ૨૦૨૫ના બપોરના ૪ થી ૭ વાગ્યા મોરબી જીલ્લાના હાઇવે ઉપર ભારે વાહનોની ચેકીંગ ડ્રાઈવ રાખવામાં આવી હતી જેમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહન ચાલકો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરી કુલ ૫૪,૬૦૦/-નો દંડ વસુલવામાં આવ્યો હતો. આ સરપ્રાઇઝ વાહન ચેકિંગ ડ્રાઇવમાં કુલ-૪૫૩ વાહનો ચેક કર્યા હતા, જેમાં નંબર પ્લેટ વગરના વાહન ચાલકો સામે કુલ-૨૧ કેસ, વાહનમાં માલ-સામાન ભરેલ હોય અને તાલપત્રી લગાવેલ ન હોય તેવા વાહન ચાલકો સામે -૦૮ કેસ, લાયસન્સ ન હોય તેવા કુલ-૦૯ કેસ તેમજ રોંગ સાઇડમાં તથા વધુ ગતીથી ચલાવતા કુલ-૦૫ વાહનો વિરૂધ્ધ ગુના રજીસ્ટર કરવામાં આવેલ આ ઉપરાંત અડચણ રૂપ પાર્ક કરેલ કુલ-૩ વાહનો વિરૂધ્ધ કેસ કરવામાં આવ્યા હતા. આ સાથે વાહન ચેકિંગ ડ્રાઇવ દરમ્યાન એમ.વી.એકટ ૨૦૭ મુજબના ૧૦ વાહન ડીટેઈન કર્યા હતા.

ઉપરોકત વાહન ચેકિંગ ડ્રાઇવ દરમ્યાન કુલ-રૂ-૫૪,૬૦૦/- દંડ વસુલ કરવામાં આવેલ, સાથે સાથે મોરબી જીલ્લા પોલીસે પ્રજાજોગ સંદેશ આપી જણાવ્યું છે કે, આગામી સમયમાં પણ ઉપરોકત ટ્રાફિક નિયમોનોનુ પાલન કરાવવા માટે તેમજ લોકોની સલામતી અને જીલ્લામાં શાંતીનો માહોલ જળવાઈ રહે તેમજ ટ્રાફિક વ્યવસ્થા અને ટ્રાફિકના નિયમોનુ પાલન કરવા તથા શહેરમાં ભારે વાહનો, વન-વે રોડ, એક-બેકી પાર્કિંગ વ્યવસ્થા તેમજ સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવતા જાહેરનામાઓનુ લોકો પાલન કરે તેવી જીલ્લા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# કેશોદના અજાબ પાસે દુષ્કર્મના આરોપીનો જામીન મુક્ત થયા બાદ યુવતી પર હુમલો

## તારી જીંદગી બગાડી નાખી છે હવે તને જીવવા નહીં દઉં: પોલીસે આરોપી સામે ગૂનો નોંધી કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર, કેશોદ**

કેશોદના અજાબ નજીક દુષ્કર્મના આરોપીએ જામીન મુક્ત થયા બાદ ફરિયાદી યુવતી પર હુમલો કર્યો હતો. પોલીસે આરોપી સામે ગૂનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

કેશોદના શેરગઢ ગામમાં સીમ શાળામાં મધ્યાહન ભોજનનું સંચાલન કરતી યુવતી બાઈક લઈને પોતાના ભાભી સાથે અજાબ ગામે પાર્લરમાં જઈ રહ્યાં હતાં ત્યારે બપોરના સમયે પાણીની તરસ લાગતાં રસ્તામાં બાઈક રોકી હતી અને તેણી પાણીની બોટલ લેવા ગયાં હતાં ત્યારે કેશોદના અજાબ -મેંદરડા રોડ પરથી અજીતભાઈ ડાંગર પુંજાભાઈડાંગર આવતાં હોયફરિયાદી યુવતી પાસે આવીને અજીતભાઈએ કહેલ કે મારી પર દુષ્કર્મની નોંધાવેલ ફરિયાદમાં જામીન મુક્ત થયેલ છું. તેમજ તેની સાથે રહેલા નાથાભાઈ પુંજાભાઈ ડાંગરે યુવતીને પકડી રાખતાં અજીતભાઈએ આડેધડ ઢીકાપાટુનો માર માર્યો હતો અને કહેલું કે તારી જીંદગી બગાડી નાખી છે હવે તને જીવથી કાઢવી છે તેમ કહી ગાળો આપી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમા યુવતીને સરકારી દવાખાને સારવાર માટે લાવવામાં આવ્યાં હતાં. કેશોદ પોલીસે નિવેદન નોંધી અજીતભાઈ ડાંગર અને નાથાભાઈ ડાંગર વિરુદ્ધ ગુનો

શ્રાવણી ટાળમાં નોંધી કાર્યવાહી હાથ ધરી છે. જાન્યુઆરીના અજીતભાઈ ડગર વિરુદ્ધ ફરિયાદ નોધાયેલ જે મુજબ પોલીસની ભરતી માટે દોડવાની પ્રેક્ટિસ કરતાં એકબીજાના સંપર્કમાં આવતાં પ્રેમ સબંધ બંધાયો હતો. લગ્નની લાલચે આપી અવાર-નવાર શેરગઢ ખાતે અને અલગ અલગ સ્થળે શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યુ હતું લગ્ન ન કરવા ચારિત્ર્ય પર શંકા કુશંકા કરી તરછોડી દેતાં ગુનો નોંધાયો હતો. ત્યારે આજે આ આરોપી સામે યુવતી પર હુમલાનો પણ ગુનો પોલીસે નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરમાં BSNL કર્મચારીએ કચેરીમાં જ ઝેરી દવા પી લઈ આપઘાત કરી લીધો

વાંકાનેરમાં ટેલિફોન કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીએ તા. ૨૪ ના રોજ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા બેભાન હાલતમાં સારવાર માટે મોરબી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ જ્યાંથી વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા હતા પરંતુ સારવાર દરમ્યાન મોત નિપજ્યું! શહેરની બીએસએનએલ કચેરીમાં જુનિયર ટેલિકોમ ઓફ્સિર તરીકે ફરજ બજાવતામોહંમદ ઈરફાન ઈસ્માઈલભાઈ માંથકિયાએ તા. ૨૪ ના રોજ કોઈ અગમ્ય કારણોસર કચેરીમાં જ ઝેરી દવા પી લેતા બેભાન અવસ્થામાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાં જ મોત નિપજ્યું હતું.ઉલ્લેખનીય છે કે આ કર્મચારી પહેલા કરછમાં ફરજ બજાવતા હતા અને થોડા મહિનાઓ પહેલાં જ વાંકાનેરમાં ઞઙ્ઘ તરીકેનો કાર્યકાળ સંભાળ્યો હતો. પરંતુ કોઈ અગમ્ય કારણોસર કચેરીમાં જ ઝેરી દવા પી લેતામોત નિપજ્યું હતું.

# જામનગરમાં ઢીંચડા રોડ ભૂગર્ભ ગટરના કામ દરમિયાન એક મહિલાનું મશીન નીચે દબાઈ જતાં કમકમાટી ભર્યું મોત

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં ઢીંચડા રોડ પર ચાલી રહેલા ભૂગર્ભ ગટરના કામ દરમિયાન એક મહિલાનું હીટાચી મશીન નીચે દબાઈ જતાં કમકમાટી ભર્યું મૃત્ય થયું. અન્ય એક મહિલાના ૨ પગ કપાયા, સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ, લોકોના ટોળા એકઠા થયા હતા.જામનગરના ઢીંચડા રોડ પર ભૂગર્ભ ગટરના ચાલી રહેલા કામકાજ દરમિયાન સાંજના પાંચેક વાગ્યાના અરસામાં હિટાચી મશીનના ચાલકે ૨ મહિલાઓને હડફેટમાં લઈ લીધી હતી, જેમાં એક મહિલાનું હિટાચી મશીન નીચે આવી જતાં ઘટના સ્થળેજ કમકમાટી ભર્યું મૃત્યુ નિપજ્યું હતું, જયારે બીજી મહિલાના ૨ પગ કપાયા છે, હાલ આ મહિલાની સારવાર ચાલી રહી છે. આ ઘટનાને લઈને ભારે દોડધામ થઈ, હિટાચી મશીનનો ઓપરેટર ભાગી છૂટ્યો હતો. પોલીસ ટુકડી ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી.મળતી માહિતી અનુસાર, જામનગરના ઢીંચડા રોડ પર મહાનગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટરની પાઈપલાઈન સમારકામનું કામ હાથ ધરાયું છે અને પૂજા બિલ્ડર્સ નામની પેઢી દ્વારા આ સ્થળે ભૂગર્ભ ગટરની પાઈપલાઈન બીછાવવાનું કામકાજ રાખવામાં આવ્યું છે. જે કંપનીના કામ હેઠળ હિટાચી મશીન દ્વારા ખોદાણ ચાલી રહ્યું હતું. તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલી ૨ મહિલાઓ એકાએક હિટાચી મશીન નીચે આવી ગઈ હતી.વધુ વિગત મુજબ, જેમાં ઢીંચડા રોડ પર રહેતી અને મજૂરી કામ કરતી મધુબેન નારણભાઈ સુરડીયા નામની ૫૫ વર્ષની પ્રૌઢ મહિલા, કે જે રિવર્સમાં આવી રહેલા હીટાચી મશીન નીચે દબાઈ જવાથી તેણીનું ઘટના સ્થળેજ કરુણ મૃત્યુ નીપજ્યું હતું. હિટાચી મશીનની નીચે દબાઈ જવાના કારણે તેના દેહનો વેરવિખેર થઈ ગયો હતો, અને ભારે બીહામણાં દ્રશ્યો સર્જાયા હતા. આ ઉપરાંત તેની સાથે જ ચાલી રહેલી અન્યા એક મહિલા આઈશાબેન ખફી, કે જેના ૨ પગ કપાયા અને તેણીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે આ મામલે સમગ્ર બનાવની જાણ થતાં આ વિસ્તારના વિપક્ષી કોર્પોરેટર રાહુલ બોરીચા ઘટના સ્થળે દોડી આવ્યા અને તાત્કાલિક અસરથી ૧૦૮ની ટીમ, ફાયર બ્રિગેડની ટુકડી, તેમજ પોલીસને જાણ કરી હતી. જેથી ૧૦૮ની ટીમે ઈજાગ્રસ્તને હોસ્પિટલે પહોંચાડી હતી. જ્યારે ફાયરની ટીમે હિટાચી મશીનની નીચે દબાયેલા મહિલાના મૃતદેહને ભારે જહેમતથી બહાર કાઢ્યો હતો.આ મામલે સીટી ઈ ડિવિઝનની પોલીસ ટીમે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો અને પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ સમયે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને હીટાચી મશીનનો ચાલક ત્યાંથી ભાગી છૂટ્યો હતો. આ ઉપરાંત ખાનગી કંપનીના અન્ય સ્ટાફ કે કર્મચારીઓ સ્થળ પર હાજર ન હતા, અથવા તો તેઓ પણ ભાગી છુટ્યા હતા. જે સમગ્ર મામલામાં પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવી છે.સારવાર માટે જામનગરની જી. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, પરંતુ તેણીની તબિયત લથડતાં વધુ સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.




# મોરબીના રણછોડનગર વિસ્તારના રહેણાંકમાંથી વિદેશી દારૂની ૧૨૦ બોટલ સાથે બે પકડાયા,એક ફરાર

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોળજસ ટીમે પૂર્વ બાતમીને આધારે શહેરના રણછોડનગર વિસ્તારમાં આવેલ એક રહેણાંક મકાનમાં રેઈડ કરી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ ૧૨૦ નંગ બોટલ ઝડપી લેવામાં આવી હતી, આ સાથે પોલીસે એક મોપેડ, બે મોબાઈલ સહિત ૧.૨૬ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ આ ગોરખધંધામાં સંડોવાયેલ બે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અન્ય એક આરોપી રેઈડ દરમિયાન હાજર નહીં મળી આવતા તેને ફરાર દર્શાવી કુલ ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.



મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રીપાઠીની સુચના અને માર્ગદર્શન હેઠળ જીલ્લામા દારૂ તથા જુગારની બદી નેસ્તનામુદ કરવા, બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એન.એ.વસાવા તથા સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન કોન્સ. સંજયભાઈ દિલીપભાઈ તથા વિપુલભાઈ ગગુભાઈને મળેલ ખાનગી હકીકતના આધારે રણછોડનગર જલારામ અલર્ટમેન્ટ પાછળ આરોપી મહેબૂબ ઉર્ફે મેબલો સુમરાના રહેણાંક મકાનમાં રેઈડ કરતા, મકાનમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ-૧૨૦ જેની કુલ કિ.રૂ.૮૧,૨૦૭/- મળી આવ્યો હતો, જેથી આરોપી મેહબુબભાઈ ઉર્ફે મેબલો સુલેમાનભાઈ સુમરા ઉવ.૩૧ વાળાની તેમજ આરોપી સંજયભાઈ ચંદુભાઈ પરેસા ઉવ.૨૪ રહે.ભારત જીનની સામે મફતીયાપરા લાઈન્સ સ્કુલની પાસે મોરબી એમ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે પકડાયેલ બંને આરોપીઓની વધુ પૂછતાછમાં અન્ય આરોપી સાગરભાઈ કાંતીલાલ પલાણ રહે.જલારામ એપાર્ટમેન્ટવાળાનું નામ ખુલતા તેને ફરાર દર્શાવી તેની શોધખોળ શરૂ કરી હતી, આ સાથે બી ડિવિઝન પોલીસે વિદેશી દારૂ, એક એક્સેસ મોપેડ રજી.નં. જીજે-૩૬-એકે-૭૦૫૫, બે મોબાઈલ સહિત ૧,૨૬,૨૦૭/-નો મુદ્દામાલ કબ્જે લઈ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં કરુણા હેલ્પલાઈને બીમાર શ્વાનને નવજીવન આપ્યું



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં સમગ્ર રાજ્યમાં બીમાર, વૃદ્ધ, દિવ્યાંગ, અબોલ જીવોની સારવાર માટે ૧૯૬૨ કરુણા હેલ્પલાઈન કાર્યરત છે. મોરબી જીલ્લામાં જીલ્લા પંચાયતની પશુપાલન શાખાના માર્ગદર્શન હેઠળ ૧૯૬૨ કરુણા હેલ્પલાઈન તેમની ફરજ સુપેરે બજાવી રહી છે.

તાજેતરમાં શોભેશ્વર રોડ ખાતે સ્થિત જિલ્લા સેવા સદનના પરિસરમાં એક શ્વાનને વાયરલ ઈન્ફેકશન (કેનાઈન પાર્વો વાયરસ) થયું હતું. જેથી તેણે અન્ન-જળનો ત્યાગ કરી દીધો હતો અને આ અબોલ જીવનું આખું શરીર કાંપતું હતું. આ અંગે ૧૯૬૨ ટીમને જાણ કરવામાં આવી હતી. આ કોલ મળતા જ તેઓએ તાત્કાલિક ધોરણે સ્થળ પર પહોંચીને આ બીમાર શ્વાનની સારવાર કરી હતી અને તેનો જીવ બચાવ્યો હતો.

આ સમગ્ર કામગીરી દરમિયાન જીલ્લા માહિતી કચેરી, જીલ્લા તિજોરી કચેરી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને સિક્યોરીટી સ્ટાફનો સહયોગ મળ્યો હતો.

# ભારત જન વિજ્ઞાન જાથાએ વાંકાનેર ડીવાયએસપી અને ટીમને પ્રમાણપત્ર આપી સન્માન કર્યું

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેરના કેરાલા ગામમાં છેલ્લા ૧૦ વર્ષથી તાવીજ બનાવવા, દોરાના આભૂષણો અને તાવીજ જેવી કપટી પ્રવૃતિઓ આચરી છેતરપિંડી કરનાર વ્યક્તિના પર્દાફાશમાં મદદ કરવા બદલ વાંકાનેરના ડીવાયએસપી સમીર એચ સારદાનું ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા પ્રમાણ પત્ર આપી સન્માન કરવામાં આવ્યું છે.



ભારત જન વિજ્ઞાન જથ્થા દ્વારા મોરબી જીલ્લાના વાંકાનેરના કેરાલા ગામમાં છેલ્લા ૧૦ વર્ષથી તાવીજ બનાવવા, દોરાના આભૂષણો અને તાવીજ જેવી કપટી પ્રવૃતિઓ આચરી છેતરપિંડી કરનાર વ્યક્તિના પર્દાફાશમાં મદદ કરવામાં વાંકાનેરના ડીવાયએસપી સમીર એચ સારદાએ અમૂલ્ય યોગદાન આપ્યું હતું. જે બદલ ભારત જન વિજ્ઞાન જાથાએ પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા છે.

તેમજ છેતરપિંડી દ્વારા નિર્દોષ લોકોને છેતરે છે જેઓ વાસ્તવમાં રાષ્ટ્રને નુકસાન પહોંચાડે છે. આવા છેતરપિંડી કરનારાઓને બહાર કાઢવામાં ભાગીદારી બદલ તેમજ ઉત્કૃષ્ટ સેવાની માન્યતા બદલ હૃદયપૂર્વક આભાર સાથે પ્રશંસા સાથે પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

# લે કર વાત!! મનપાનો સફાઈ કામદાર બન્યો સુપરવાઈઝર


નૈમીષ કુબાવત–સફાઈકામદાર



(અહેવાલઃ આનંદ જાવિયા)


સફાઈકામદાર–સુપરવાઈઝરના ચાર્જમાં

## રાજકોટ મનપામા ચાલતી લાલીયાવાડીનો 'મુખ્ય સમાચાર'ની ટીમ દ્વારા પર્દાફાશ

## રાજકોટ મહાનગરપાલિકાના ભાજપના સતાધીશો અને મ્યુનિસિપલ કમિશનર સહિતના ટોચના અધિકારીઓ પણ કુંભકર્ણની નિંદ્રામાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં થયેલ અગ્નિકાંડમાં અનેક નિર્દોષ જિંદગી મોતના મુખમાં હોમાઇ ગઈ હતી આ અગ્નિકાંડ ની જવાબદારી મહાનગરપાલિકા તંત્ર દ્વારા એકબીજા ઉપર ઢોળવામાં આવી હતી હજુ પણ તંત્ર સુધારવાનું નામ ન લેતું હોય તેમ મનપામા ધણીધોળી વગરનો વહીવટ ચાલી રહ્યો છે દરેક કર્મચારી પોતાને ક્લાસ વન અધિકારી માની રહ્યો છે. આવો જ એક કિસ્સો રાજકોટ મનપામા ચાલતી લાલીયાવાડીનો ગઈકાલે પ્રકાશમાં આવ્યો છે રાજકોટ થી પ્રસિદ્ધ થતા અગ્રણી સાંધ્ય દૈનિક મુખ્ય સમાચારની ટીમ દ્વારા શહેરના વોર્ડ નંબર ૮ આવેલ વોર્ડ ઓફિસમાં શું ચાલી રહ્યું છે તેની પ્રત્યક્ષ માહિતી મેળવાય હતી શહેરના હાર્દ સમા અમીન માર્ગ પર રેલવે ક્રોસિંગ પાસે આવેલ વોર્ડ ૮/ડની ઓફિસમાં જ્યારે મુખ્ય સમાચાર ની ટીમ દ્વારા રૂબરૂ મુલાકાત લેવાય ત્યારે સુપરવાઈઝર ગાયબ હતા જ્યારે આ સુપરવાઈઝર ની જગ્યા પર સફાઈ કામદાર ફરજ બજાવી રહ્યો હતો

નેમીશ કુબાવત નામના સુપરવાઈઝરને મુખ્ય સમાચારની ટીમ દ્વારા પૂછવામાં આવ્યું કે તમને અહિનો ચાર્જ કોને સંભાળવાનું કીધું છે ત્યારે કુબાવતે કોઈ ચોક્કસ જવાબ આપવાના બદલે ગોળ ગોળ જવાબ આપ્યો હતો જ્યારે તેને પૂછવામાં આવ્યું કે આ આ સુપરવાઈઝર નો ચાર્જ સંભાળવા માટે તમારી પાસે કોઈ લેખિત ઓર્ડર છે બાદમાં સકંજામાં આવતા તેણે જવાબદાર અધિકારીનું નામ આપી તેમણે મને ચાર્જ સંભાળવાનું છે તેમ કીધું હતું બાદમાં જવાબદાર અધિકારીને ફોન લગાવતા સામેથી રવિદાન ગઢવી નામના અધિકારીએ તુમાખીભર્યા અવાજમાં જણાવ્યું હતું કે હું ગમે તેને મૌખિક ચાર્જ આપી શકું . આમાં લેખિત ઓર્ડર નો હોય કોઈપણ વ્યક્તિ તને કંઈ પણ કહે તો તે સાંભળવાનું નથી આવા બેજવાબદાર વિધાનોને કારણે મનપાનું સમગ્ર તંત્ર બદનામ થઈ રહ્યું છે વધુમાં નાયબ પર્યાવરણ ઈજનેર વીએમ જીંજાળાએ જણાવ્યું કે હાલમાં મહાનગરપાલિકા પાસે સુપરવાઈઝરની ઘટ હોય વોર્ડ ઓફિસ બંધ ન રહે તે માટે સફાઈ કામદારને ત્યાં બેસાડવામાં આવ્યો છે .

રાજકોટ મહાનગર પાલિકાના ભાજપના સતાધીશો અને મ્યુનિસિપલ કમિશનર સહિતના ટોચના અધિકારીઓ પણ કુંભકર્ણની નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે આ તો રાજકોટની એક પેટા વોર્ડ ઓફિસમાં ચાલતી લાલિયાવાડીનો પર્દાફાશ થયો છે તો શહેરની અન્ય ઓફિસમાં શું નહીં ચાલતું હોય તેઓ સવાલ ઉઠવા પામ્યો છે મનપાના જવાબદાર પદાધિકારીઓ કે અધિકારીઓએ ક્યારે એસી ચેમ્બરમાંથી બહાર નીકળીને તમામ વોર્ડ ઓફિસની ચેકિંગ કરવાની તસ્દી લેશે કે કેમ એવો સવાલ ઉઠી રહ્યો છે શહેરના એક જાગૃત પ્રહરી મુખ્ય સમાચાર દ્વારા તમામ વાતનો પર્દાફાશ થયા બાદ તંત્રના અધિકારીઓ દોડતા થયા છે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા આવા બે જવાબદાર અધિકારીઓ અને સફાઈ કામદાર વિરુદ્ધ પગલાં લેશે કે કેમ તે પણ એક સવાલ છે.


(કમલેશભાઇ વાઘેલા–યુનિયન પ્રમુખ)

## સફાઈ કામદાર તરીકે ફક્ત વાલ્મિકી સમાજનો જ વ્યક્તિ ફરજ બજાવી શકે : કમલેશભાઈ વાઘેલા

સફાઈ કામદાર તરીકે વાલ્મિકી સમાજ સિવાયનો અન્ય કોઈ સમાજનો વ્યક્તિ ફરજ બજાવી શકે નહીં તેમ રાજકોટ ભારતીય જનતા પાર્ટી સફાઈ કામદાર સેલના પ્રમુખ કમલેશભાઈ વાઘેલાએ મુખ્ય સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું તેમણે કહ્યું હતું કે આ અંગે જનરલ બોર્ડ તેમજ સ્ટેન્ડિંગ કમિટીમાં ઠરાવ કરાયો છે કે સફાઈ કામદાર તરીકે અન્ય કોઈ સમાજનો વ્યક્તિ નોકરી કરી શકે નહીં આ માટે ફક્ત વાલ્મિકી સમાજના લોકો જ આ ફરજ બજાવી શકે તેમણે વધુમાં જણાવ્યું કે અન્ય વ્યક્તિ સફાઈ કામદાર તરીકે ફરજ બજાવી રહ્યો છે તેની જાણ આજે મુખ્ય સમાચાર ના સોશિયલ મીડિયા દ્વારા થઈ હતી તો આ અંગે રાજકોટ મનપા કમિશનર અને મેયર સહિતના જવાબદાર પદાધિકારીઓને રજૂઆત કરાશે તેમજ આ પ્રશ્ન રાષ્ટ્રીય આયોગ સમક્ષ પણ રજૂ કરવામાં આવશે

**રાજકોટ મનપા કમિશનર અને મેયર સહિતના જવાબદાર પદાધિકારીઓને રજૂઆત કરાશેઃ આ પ્રશ્ન રાષ્ટ્રીય આયોગ સમક્ષ પણ રજૂ કરવામાં આવશે**

## ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા.૦૫/૦૩/૨૫ બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ફ્રેન્ડસ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનુ આયોજન કરવામાં આવેલ છે. અને તા.૦૭/૦૩/૨૫ શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે રંગ – તરંગ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા.૦૮/૦૩/૨૫ શનિવાર નાં રોજ ૫:૩૦ સુર શ્રી ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનુ આયોજન કરવામાં આવેલ છે તેમજ તા. ૦૯/૦૩/૨૫ ને રવિવાર નાં રોજ નસ્રસુર શ્રી ગ્રુપ દ્વારા ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યાનુ આયોજન કરવામાં આવેલ છે જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા અને સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, નીલાબેન હિંડોચા, ડો. સુધીરભાઈ શાહ, જેન્તીભાઈ પટેલ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

રાજકોટ કલેકટર તંત્ર દ્વારા નિર્મિત સિનીયર સિટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટમાં સભ્ય બનવા માટે એક વર્ષની ફી માત્ર ૨૦૦ રૂપિયા છે અને દર અઠવાડિયે ચાર કાર્યક્રમ યોજવામાં આવે છે. સિનિયર સીટીઝન ઈવનીંગ પોસ્ટ ની ઓફિસ છઉંઈ બેંક ની બાજુ માં, સિનિયર સીટીઝન પાર્ક, ઝૂબેલી ગાર્ડનની સામેનો રોડ, રાજકોટ .ઈવનીંગ પોસ્ટ મેમ્બરશીપ નું ફોમ ભરીને ત્યાં જ આપવાનું રહેશે જેની નોંધ લેવી.

## શ્રીલંકામાં યોજાયેલી જાફાક્રિકેટ ટુર્નામેન્ટમાં ગુજરાત (એરિયા-૧૧)ની ટીમ વિજેતા



શ્રીલંકામાં યોજાયેલી રાઉન્ડ ટેબલ ઈન્ડિયાની વાર્ષિક ક્રિકેટ ટુર્નામેન્ટમાં દેશભરની ૧૮ ટીમોએ ભાગ લીધો હતોઃ વિક્રમ લાલવાનીનું સફળ નેતૃત્વ ૬૩ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર રાઉન્ડ ટેબલ ઈન્ડિયા દ્વારા વાર્ષિક ક્રિકેટ ટુર્નામેન્ટ–જાફાનું આંતરરાષ્ટ્રીય સ્તરે આયોજન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટમાં ૧૮ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત (એરિયા–૧૧)ની ટીમ ચેમ્પિયન બની હતી. રોમાંચક સેમિફાઈનલમાં જીત બાદ ટીમ (એરિયા–૯) સામે ફાઈનલમાં ટકરાઈ હતી. એરિયા–૯ અને એરિયા–૧૧ ગયા વર્ષે સંયુક્ત વિજેતા રહ્યા હતાં. આ વખતે ફાઈનલમાં ગુજરાતની (એરિયા–૧૧) ટીમે પ્રથમ બેટિંગ કરતાં ૧૫ ઓવરમાં ૧૫૨/૫નો સ્કોર કર્યો હતો. જેમાં અંકિતે ૨૫ બોલમાં અણનમ ૫૦ રન કર્યા હતા. જેની સામે હરિફ ટીમ એરિયા–૯ની ટીમ ૧૩.૫ ઓવરમાં ૧૩૩ રને ઓલ આઉટ થઈ જતાં ગુજરાતની ટીમનો ૧૯ રને વિજય થયો હતો. કશ્યપ રાવલ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ રહ્યો હતો. વિક્રમ લાલવાનીના નેતૃત્વ હેઠળ એરિયા ૧૧ આંતરરાષ્ટ્રીય સ્તરે ટ્રોફી જીતનાર રાજ્યની એકમાત્ર ટીમ છે અને વિક્રમ લાલવાનીના નેતૃત્વમાં સતત બીજી વાર આ ટ્રોફી મેળવી છે. છેલ્લા ૧૪ વર્ષમાં એરિયા–૧૧ની ટીમે ત્રીજી ટ્રોફી જીતી છે. એરિયા ચેરમેન ટેબલ સ્વરાજ લહોતીએ જણાવ્યું ટીમમાં ૩૫ સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં રાજકોટ, જામનગર, અમદાવાદ, વડોદરા સહિતના શહેરોના ખેલાડીઓ પણ સામેલ હતાં.

## જામવાડી ચેકડેમ પાસે મહિલાનો હાથ પકડતા શ્રમિકની હત્યા કરનાર સગીર સહીત બે ઝબ્બે

### હત્યાનો બનાવ કુદરતી મોતમાં ખપાવવા મૃતદેહ ફેંકી દીધો હતોઃ ભાયાવદર પોલીસે શંકાસ્પદ બનાવમાં તપાસ કરતા ભાંડો ફટ્યો

રાજકોટ જીલ્લાના ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારના જામવાડી ચેકડેમમાંથી ગત ૨૯ ડીસેમ્બરના રોજ અજાણ્યા યુવકની લાશ મળી હતી હતી જે અંગે એડી નોંધવામાં આવી હતી બાદમાં તપાસ કરતા આ અકસ્માતે મોત નહી પણ હત્યા થયાનું ખૂલતા ગત ૨૭તારીખે ગુનો નોંધી સગીર સહિત બે આરોપીની ધરપકડ કરી પૂછતાછ કરત મુખ્ય સુત્રધારનો મૃતકે હાથ પકડવા ઝઘડો થતા ટૂંપો દઈ, લાશ ચેકડેમમાં ફેકી દીધાની કબુલાત આપી હતી. રાજકોટમાં રહેતા મૂળ એમપીના મુનાભાઈ બામનીયાએ તેના પૂત્ર દીતીયા ઉર્ફે દિનેશની હત્યા અંગે ગત ૨૭ ફેબ્રુઆરીએ ભાયાવદર પોલીસમાં ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી ગત ૨૯ ડિસેમ્બરે દીકરાની ચેકડેમમાંથી લાશ મળી હતી ત્યારે એડી નોંધવામાં આવી હતી દરમિયાન પીઆઈ વી એમ ડોડીયાએ આ શંકાસ્પદ બનાવમાં ઊંડાણપૂર્વક તપાસ કરતા બનાવ હત્યાનો હોવાનો ભાંડો ફટ્યો હતો પોલીસે મૂળ એમપીના હાલ અરણી ગામે રમેશભાઈ કાછડિયાની વાડીમાં રહેતા ધારજી ફ્તીયાભાઈ ગુલેશનભાઈ બામનીયા અને એક સગીરને ઝડપી લઈ પૂછતાછ કરતા ધારજીએ એવી કબુલાત આપી હતી કે બનાવની રાત્રે બેઠા હતા ત્યારેદીતીયાએ તેની ઘરવાળીનો હાથ પકડી લેતા ઝઘડો થતા ટૂંપો દઈ મોતને ઘાટ ઉતારી લાશ ચેકડેમમાં ફેકી દીધી હતી પોલીસે આ ગુનામાં અન્ય એક આરોપીની શોધખોળ હાથ ધરી છે.

## માંડા ડુંગર પાસે યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

### રાજકોટમાં માતા-પિતાના આધાર સ્થંભ અને બે બહેનના એકલોતા ભાઇના આપઘાતથી પરિવારમાં કરૂણકલ્પાંત



શહેરનાં આજીડેમ ચોકડી પાસે – માંડા ડુંગરમા રહેતા બે બહેનોના –એકના એક ભાઈએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરીવારમા ગમગીની છવાઇ જવા પામી છે. જાણવા મળતી વિગત મુજબ માંડા ડુંગર શેરી નં ૨ મા રહેતા રૂત્વિક રમેશભાઇ દાણીધારીયા (ઉ.વ. ૨૦) –નામનાં યુવાને સવારે પોતાનાં બાઈ ચાકરાણી, કારો ગળાફાંસો બનાવની જાણ થતા આજીડેમ પોલીસ – મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવીલ હોસ્પીટલ ખસેડી –તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક – તપાસમા મૃતક સ્વીક બે બહેનોનો એકનો એક ભાઈ હતો તે ઈમીટેશનનુ કામ કરતો હતો અને તેના પિતા – સિક્યુરીટીમા કામ કરે છે આજે સવારે પુત્ર મુંઝવણમા હોવાથી પિતાએ તને કોઈ તકલીફ હોય તો મને કહે તેમ પુછયુ હતુ ત્યારે કઈ જણાવ્યુ ન હતુ બાદમા કલાકોમા જ આ પગલુ ભરી લીધુ હતુ. તેણે આ પગલુ શા માટે ભરી લીધુ ? તે અંગે પરીવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનુ કારણ જાણવા તપાસ હાથ ધરી છે એકનં એક પુત્રનાં મોતથી પરીવારમા શોકની લાગણી છવાઈ જવા પામી છે.

## ગોડાઉનના કામનું નિરીક્ષણ કરવા શેડ ઉપર ચડેલ યુવાનનું પડી જતા મોત

### ઉપલેટા પોરબંદર નેશનલ હાઈવે પર કુંજ બિહારી ઈન્ડસ્ટ્રીઝમાં બનેલો બનાવઃ પટેલ ઉદ્યોગપતિના અકસ્માતે મોતથી અરેરાટી



ઉપલેટા પોરબંદર નેશનલ હાઈવે રોડ ઉપર રેખા ટીબીના પાટીયા પાસે કુંજબિહારી ઈન્ડસ્ટ્રીઝ મા ગોડાઉન કડિયા કામ ચાલુ હોય કેટલું કામ થયેલ છે તેમનું નિરીક્ષણ કરવા માટે પતરા ઉપર ચડેલ હતો યુવાન અકસ્માતે પડી જતા મોત થયેલ હતુ. આ અંગ ની વિગતે એવા પ્રકારની છે કે પટેલ ઉદ્યોગપતિ નીરવ કુમાર વિનોદભાઈ ઠુંમર ઉંમર ૩૨ તેમના કારખાનામાં કામગીરીનું નિરીક્ષણ કરવા માટે શેડ ઉપર ચડેલ ત્યારે અકસ્માતે પડી જતા માથામાં હેમરેજ ગંભીર ઈજા થતાં ડુમીયાળી ટોલ પ્લાઝા ની ૧૦૮ મારફત ઉપલેટા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ આવતા હોસ્પિટલ પહોંચે ત્યારે પહેલા મોત થયેલ હતું મરનાર યુવાન પીએમ સરકારી હોસ્પિટલ ખાતે કરવામાં આવેલ હતું પોલીસ અકસ્માતે ગુનો નોંધી તપાસ કરે છે

## દિવ્ય મહાકુંભમાં ત્રિવેણી સંગમ ખાતે આસ્થાની ડુબકી લગાવતા ગુણવંતભાઈ ડેલાવાળા

### સમગ્ર સરગમ પરિવાર વતી ત્રિવેણી સંગમમાં ડૂબકી મારી પવિત્ર સ્નાન કર્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રયાગરાજમાં યોજાયેલા દિવ્ય મહાકુંભ કરોડો લોકોની આસ્થાનું પ્રતિક રહ્યો છે અને લોકોએ આ કુંભના દર્શન કરીને ધન્યતા અનુભવી છે. રાજકોટની સેવાભાવી સંસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા પણ મહાકુંભમાં ગયા હતા અને ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કર્યું હતું અને આસ્થાની ડૂબકી મારી હતી.

ગુણવંતભાઈ ડેલાવાળા એ સરગમ પરિવારના હજારો સભ્યોને યાદી કરીને મંત્રોચ્ચાર કર્યા હતા અને પૂજા કરી હતી .

ગુણવંતભાઈના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા ભારતીય ઋષિ સંસ્કૃતિ ને ઉજાગર કરતા અદભૂત અને અવિસ્મરણીય અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને સમગ્ર વિશ્વ ને અચંબિત કરનાર આયોજન થકી આ પરમ પાવન અને કલ્યાણકારી, દિવ્ય અને મોક્ષ દાયક પ્રયાગરાજ તીર્થ ખાતે માંસ્રસ્ર ગંગાજી નસ્રમાંસ્રસ્ર યમુનાજી નસ્રમાંસ્રસ્ર સરસ્વતીજી ના પરમ કલ્યાણકારી ત્રિવેણી સંગમ ખાતે ઈષ્ટદેવની કૃપા થકી સ્નાન કરવાની તક મળી હતી.

તેમણે જણાવ્યુ છે કે, ૧૪૪ વર્ષે યોજાતા આ પવિત્ર મહાકુંભ દ્વારા સમસ્ત હિન્દુ સમાજે જ્ઞાતિ જાતિ ના વાડાઓ–ભેદભાવો ભૂલી એક બની મહાશક્તિનું મહાદર્શન કરાવ્યું છે. મહાકુંભનાં છેલ્લા દિવસે એટલે કે શિવરાત્રીના દિવસે તો અંતરિયાળ ગામથી માંડીને મહાનાગરો અને દેશ –વિદેશમાંથી કરોડો ભક્તો ઉમટ્યા હતા.

## રાજકોટના પટેલ વેપારીને અમદાવાદના વેપારીએ માર્યો ૨૦.૬૭ લાખનો ધુંબો

**■ સોપારી અને ઘરઘંટી ની ખરીદી કરી કટકે કટકે રૂપિયા ૩.૩૧ લાખ ચૂકવી બાકીની રકમ નહીં આપતા ફરિયાદ નોંધાઈ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ સિનર્જી હોસ્પિટલ પાસે આસ્થા ચોકડી પાસે ઓફિસ ધરાવતા પડધરી તાલુકાના રંગ પર ગામના પટેલ વેપારી સાથે ધંધાકીય સંબંધ કેળવી અમદાવાદના વેપારીએ સોપારી અને ઘરઘંટી નો માલ મંગાવી રૂપિયા ૨૦ લાખની લેણી રકમ નહીં ચૂકવતા ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાય છે. પડધરી તાલુકાના રંગપુર ગામે રહેતા પિયુષભાઈ જયંતીભાઈ મુગલપરા નામના પટેલ યુવાને ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે જેમાં અમદાવાદમાં આવેલ વસ્ત્રાલ માધવ હોમ્સ અર્પણ સ્કૂલ રોડ પર રહેતો જૈમીન દિનેશ પરમાર નામના વેપારી વિરુદ્ધ ફરિયાદ નોંધ એવી છે કે તેઓ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આસ્થા ચોકડી પાસે આવેલ તેની ઓફિસે હતા ત્યારે આ જયમીન પરમાર એ તેની મુલાકાત લઈ પોતાને સોપારી અને ઘરઘંટી ખરીદ કરવાનું જણાવી ધંધાકીય સંબંધ કેળવી પટેલ વેપારી પાસેથી રૂપિયા ૨૩.૯૮ લાખની કિંમતના ઘરઘંટી અને સોપારી ની ખરીદી કરી હતી ત્યારબાદ આ અમદાવાદના વેપારીએ કટકે કટકે રૂપિયા ૩.૩૧ લાખ નું પેમેન્ટ કર્યું હતું બાદમાં બાકીની રકમ રૂપિયા ૨૦.૬૭ લાખ ચૂકવવાના બાકી હોય પરંતુ તે નહીં ચૂકવતા પટેલ વેપારીએ ગાંધીગ્રામ પોલીસમાં અમદાવાદના વેપારી જયમીન પરમાર સામે ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે પીએસઆઈ એએસ મકરાણીએ ગુનો નોંધી અમદાવાદના વેપારીની ધરપકડ કરવા તજવી યાદ કરી છે.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# જમીન-મકાનના ધંધાર્થી સાથે ૩ કરોડની ઠગાઈ કરનાર મુખ્ય આરોપીને જામીન મુકત કરતી કોર્ટ

■ ચાર સ્વામી સહિત કુલ આઠ શખ્સોએ અલગ અલગ રાજ્યોમાં ૧૫૦ કરોડથી વધુ રકમની છેતરપીંડી આચરી'તી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમના રિયલ એસ્ટેટ બ્રોકરને આશ્રમ માટે જમીન ખરીદવાના બહાને રૂ.૩ કરોડની છેતરપિંડી આચર્યાની ચીટર સ્વામી સાધુ આણી ટોળકીના આઠ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ હતી. જે ગુનામાં ઝડપાયેલા સૂત્રધાર સુરેશ ઘોરીને કોર્ટે જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં રહેતા મહિલા પીએસઆઈના પતિ અને એડવોકેટ જમીન મકાનના ધંધાર્થી સાથે છએક માસ પૂર્વે વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયમાંથી હાંકી કાઢયેલા ચાર સાધુઓ સહીત કુલ આઠ શખ્સોની ટોળકીએ મંદિર બનાવવા જમીન ખરીદવી છે તેવું કહી રૂ. ૩ કરોડની છેતરપિંડી આચરી હતી. જે અંગે જૂનાગઢ શ્રીધામ ગુરૂકુળ ઝાલણસરના વિજયપ્રકાશ સ્વામી ઉર્ફે વીપી સ્વામી, જૂનાગઢ તળેટી રોડ સ્વામિનારાયણ મંદિરના જયકૃષ્ણસ્વામી ઉર્ફે જેકે સ્વામી, અંકલેશ્વર રૂશીકુલ ગૌધામના માધવપ્રિય સ્વામી ઉર્ફે એમપી સ્વામી, આણંદ સિદ્ધેશ્વર ગૌશાળાના દેવપ્રકાશ સ્વામી ઉર્ફે દેવપ્રિય સ્વામી, સુરતના લાલજી બાવભાઈ ઢોલા, સુરેશ ઘોરી, પીપળજના ભુપેન્દ્ર શનાભાઈ પટેલ અને લિંબના વિજય આલુંસિહ ચૌહાણ સહિત ૮ શખ્સ વિરુદ્ધ ભકિતનગર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જેમાં સીઆઈડી ક્રાઈમે મુખ્યસૂત્રધાર સુરેશ ઘોરીની ધરપકડ કરી જેલ જવાલે કર્યો હતો.

જેલ હવાલે રહેલા આરોપી સુરેશ તુલસી ઘોરી (પટેલ)એ રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજીની સુનાવણી પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટ દ્વારા આરોપી સુરેશ ઘોરીની જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે. આકેસમાં આરોપી સુરેશ ઘોરી વતી રાજકોટના યુવા એડવોકેટ જે.ડી. બરદાના અને એ.એન. રાઠોડ રોકાયા હતા.

# જ્ઞાનપ્રકાશને ૨૪ કલાકનું અલ્ટિમેટમ, રઘુવંશી સમાજમાં આક્રોશ

## આજે અને આવતીકાલે વીરપુર (જલારામ) સજ્જડ બંધ પાળશે



**મુખ્ય સમાચાર,રાજકોટ**

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી જ્ઞાનપ્રકાશે સુરતના અમરોલી ખાતેના એક સત્સંગ દરમિયાન જલારામ બાપા વિશે કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીને કારણે રઘુવંશી સમાજમાં ભારે આક્રોશ ફેલાયો છે. ઘટનાને પગલે આજે વીરપુર (જલારામ) ખાતે સમાજના આગેવાનો, વેપારીઓ, વેપારી મંડળના પ્રમુખ અને રઘુવંશી સમાજના આગેવાનોની આજે મહત્ત્વની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં જ્ઞાનપ્રકાશ સ્વામી રૂબરૂ મંદિરે આવી માફી માગે તેવી રોષ સાથે માગ કરવામાં આવી છે.

વીરપુર ગ્રામ પંચાયતમાં બોલાવાયેલી બેઠકમાં મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. આજે અને આવતીકાલે વીરપુર (જલારામ) સજ્જડ બંધ રાખવામાં આવશે. આવશ્યક વસ્તુઓ જેવી મેડિકલ અને હોસ્પિટલો ચાલુ રાખવામાં આવશે. સાથે સાથે જ્ઞાનપ્રકાશ સ્વામીને ૨૪ કલાકનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે. કાલે સાંજ સુધીમાં જલારામ બાપાની જગ્યામાં આવી રૂબરૂ માફી માગે, જો માફી નહીં માંગે તો આગામી રણનીતિ ૬ માર્ચના જાહેર કરવામાં આવશે.

સ્વામિનારાયણ ભક્તોના ગ્રુપમાં એક ડઉિન્નશેર કરવામાં આવી છે. જેમાં સંતશ્રી જલારામના જીવનચરિત્ર પરચાનો અમર ઈતિહાસ નામના પુસ્તકના કેટલાક અંશો શેર કરવામાં આવ્યા છે. ડઉિન્નમાં અખબારનાં કટિંગ પણ શેર કરવામાં આવ્યાં છે. પુસ્તકમાં ગુણાતીતાનંદ સ્વામી દ્વારા વીરપુર ખાતે વિસામો લીધો હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંત શ્રી જલારામ દ્વારા ગુણાતીતાનંદ સ્વામી સહિતના સંત મંડળને જમાડ્યા હોવાનો ઉલ્લેખ કરાયો છે. ગુણાતીતાનંદ સ્વામી દ્વારા તમારી જગ્યાની સ્થિતિ અને કીર્તિ દિનપ્રતિદિન વધતી જશે તેવા આશીર્વાદ આપ્યા હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરંતુ, ગુણાતીતાનંદ સ્વામી દ્વારા સદાવ્રત ચલાવવા બાબતોના આશીર્વાદ આપ્યા હોવાના કોઈ પુરાવા ડઉિન્નમાં શેર કરવામાં નથી આવ્યા.

વિવાદ વધતાં જ્ઞાનપ્રકાશ સ્વામીએ માફી માગી છે અને વિવાદસ્પદ વીડિયો ડિલીટ કરી દીધો છે. બીજી તરફ વીરપુર જલારામમાં રહેતા ભક્તોમાં રોષ ફેલાયો છે અને સ્વામીએ જે સાહિત્યના આધારે નિવેદન કર્યું છે એ સાહિત્ય લઈને વીરપુર આવવા આમંત્રણ આપ્યું છે, સાથે આ મામલે આગામી રણનીતિ નક્કી કરવા માટે એક બેઠક પણ બોલાવવામાં આવી છે.

વીરપુર ગામના સરપંચ રમેશભાઈ સરવૈયાએ જણાવ્યું હતું કે, જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલા નિવેદનથી સમગ્ર ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. જેથી જ્ઞાનપ્રકાશ સ્વામી વિરુદ્ધ રણનીતિ ઘડવામાં આવશે. સોશિયલ મીડિયા પર માફી માંગી તે સારી વાત છે પણ ગ્રામજનો જ નક્કી કરશે કે આગળ શું કરવું. ભક્ત સંત શિરોમણી જલારામ બાપાના ગુરુ ભોજલરામ બાપાના આશીર્વાદથી સદાવ્રત ચાલે છે. ૨૦૫ વર્ષ પહેલાં મહા સુદ બીજના જલારામ બાપાએ ભોજલરામ બાપાના આશીર્વાદથી અન્નક્ષેત્ર શરૂ થયું હતું.

# હર્ષદનું ચોરાયેલુ શિવલિંગ પૂજારીને સુપ્રત પ્રાણ પ્રતિષ્ઠા કરી શિવલિંગની સ્થાપના થશે



## પોલીસે ગણતરીની કલાકોમાં શિવલીંગ શોધી કાઢયું હતુઃ પૂજારી પરિવાર ફરીથી વિધિવત સ્થાપન કરશે

કલ્યાણપુર તાલુકાના હર્ષદમા પ્રાચીન મહાદેવ મંદિરમાંથી શિવલીંગની ચોરી કરવામાં આવી હતી. પોલીસે શિવલીંગ શોધી કાઢી મંદિરના પૂજારીને સુપ્રત કર્યુ છે. પ્રાણ પ્રતિષ્ઠા કરી શિવલીંગનું સ્થાપન કરવામા આવશે. તાજેતરમાં યાત્રાધામ હર્ષદમાં આવેલ પ્રાચીન ભીડભંજન મહાદેવનું શિવલિંગ ચોરી થઈ ગયેલું જે દ્વારકા જિલ્લા પોલીસ પૂજારી પરિવાર ફરીથી વિધિવત સ્થાપન કરશેવડા નિતેશકુમાર પાંડેયની ટીમ દ્વારા શોધીને લાવવામાં આવતા દ્વારકા પોલીસ દ્વારા આ ચોરાયેલું શિવલિંગ પૂજારી પરિવારને સુપ્રત કરવામાં આવ્યું હતું. વર્ષોથી સ્થાપિત આ શિવલિંગને થાળા સહિત ઉખેડીને લઈ જવાતા પૂજારી પરિવાર દ્વારા આ પ્રાચીન શિવલિંગ ભીડભંજન મહાદેવને પ્રાણ પ્રતિષ્ઠા કરીને વિધિવત ફરીથી મંદિરમાં સ્થાપના કરવા આયોજન હાથ ધર્યું છે.

# વડતાલના સ્વામી જ્ઞાનપ્રકાશે પૂજ્ય જલારામ બાપા વિશે ટિપ્પણી કરતાં વિરપુર આવી માફી માગે તેવી રઘુવંશી સમાજની માંગ

## જલારામ બાપાએ સદાવ્રત માટે ગુણાતીત સ્વામીના આશિર્વાદ લીધા હોવાનો બફાટ કરતાં રઘુવંશી સમાજમાં રોષ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સુરતના અમરોલી ખાતેની એક સત્સંગ દરમિયાન જલારામ બાપા વિશે કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીને કારણે રઘુવંશી સમાજમાં ભારે આક્રોશ ફેલાયો છે. આ ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકો ઉગ્ર પ્રતિક્રિયા વ્યક્ત કરી રહ્યા છે. વિવાદ વધતા, જ્ઞાનપ્રકાશ સ્વામીએ માફી માંગી છે અને વિવાદિત વીડિયો ડિલીટ કરી દીધો છે.તો બીજી તરફ વીરપુર જલારામમાં રહેતા ભક્તોમાં રોષ ફેલાયો છે અને સ્વામીએ જે સાહિત્યના આધારે નિવેદન કર્યું છે તે સાહિત્ય લઈને વીરપુર આવવા આમંત્રણ આપ્યું છે. સાથે આ મામલે આગામી રણનીતિ નક્કી કરવા માટે વીરપુરમાં મંગળવારે એક બેઠક પણ બોલાવવામાં આવી છે.

વડતાલ સંપ્રદાય સાથે સંકળાયેલા જ્ઞાનપ્રકાશ સ્વામીએ સત્સંગમાં કહ્યું હતું કે, જલારામ બાપાનો ઈતિહાસ ગુણાતીત સ્વામી સાથે જોડાયેલો છે. પગુણાતીત સ્વામીએ જલા ભગતને આશીર્વાદ આપ્યા હતાં. તેમ જ્ઞાનપ્રકાશ સ્વામીએ જણાવ્યું. તેમણે વધુમાં ઉમેર્યું, પજલારામ બાપાએ સદાવ્રત માટે ગુણાતીત સ્વામી પાસે આશીર્વાદ માગ્યા હતા કે પસ્વામી, મારું એક માત્ર લક્ષ્ય કે ઈચ્છા છે કે અહીં કાયમ માટે સદાવ્રત ચાલે અને જે કોઈ અહીં આવે, તેને પ્રસાદ મળે.

તેમણે કહ્યું, જલા ભગતે ગુણાતીત સ્વામીને બાટી અને દાળ જમાડયા... ગુણાતીત



સ્વામીએ જલા ભગતને આશીર્વાદ આપ્યા હતા કે તમારો ભંડાર કાયમ માટે ભર્યો રહેશે.સ્રસ્ર નોંધનીય છે કે, આ નિવેદનથી જલારામ બાપાના ભક્તોનું મન દુઃખી ગયું છે.

વિવાદ વધતા, સુરત ખાતે જ્ઞાનપ્રકાશ સ્વામીએ એક વીડિયો જાહેર કરીને માફી માંગી છે. વીડિયોમાં તેમણે જણાવ્યું છે કે, સંત શિરોમણિ જલારામ બાપાનાં ચરણોમાં સત-સત વંદન. સાથે મારી વાત રજૂ કરું છું. થોડાક સમય પહેલાં એક બુકમાં એક પ્રસંગ મેં વાંચ્યો હતો. એ જ પ્રસંગ એક મેગેઝિનમાં પણ વાંચ્યો હતો.

મને લાગ્યું કે આમાં જલારામ બાપાની ખૂબ સારી વાત કરવામાં આવી છે. તેમણે વધુમાં ઉમેર્યું, પઅયોધ્યામાં જલારામ બાપાએ જે કાર્યો કર્યાં અને ભગવાનના થાળ અંગે જે વાતો છે, તે અંગે મેં વાત કરી હતી. તેમ છતાં, જો કોઈપણ સમાજને કે વ્યક્તિને મારી વાત દુઃખદ લાગી હોય, તો હું સાચા દિલથી માફી માગું છું. તેમણે વધુમાં જણાવ્યું કે, પઆ વીડિયો અમે તરત જ હટાવી લીધો છે.

# બાલાચડી સૈનિક સ્કુલમાં પુત્રના એડમીશન માટે ખોટો જન્મનો દાખલો આપનાર પિતાને બે વર્ષ જેલની સજા

■ જોડીયા અદાલતે ૩૩ વર્ષ જુના કેસમાં આરોપી પિતાને સજાનો હુકમ કર્યો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના જોડીયા નજીક આવેલી બાલાચડી સૈનિક સ્કુલમાં પોતાના પુત્રના એડમિશન માટે ૩૩ વર્ષ પહેલા ૧૯૯૨માં બે જુદી-જુદી સ્કુલોના લીવીંગ સર્ટીફીકેટ રજુ કરવાના સીઆઈડી ક્રાઈમની તપાસ બાદ નોંધાયેલા કેસમાં અદાલતે તા. ૨૭ ફેબ્રુઆરી-૨૦૨૫ના રોજ ચુકાદો આપીને આરોપી એવા પિતાને બે વર્ષની સાદી કેદની સજા અને રૂ.૧૦ હજાર દંડનો હુકમ ફરમાવ્યો છે.

તા. ૧૬/૧૨/૧૯૯૨ના રોજ રાજકોટના પ્રવિણભાઈ ચનાભાઈ ચૌહાણ (ઉ.વ.૩૮) નામના વ્યક્તિ સામે સીઆઈડી ક્રાઈમ રાજકોટ ગ્રામ્ય ઝોન દ્વારા એફઆઈઆર નં.૦૭/૧૯૯૨થી તપાસના આધારે પોતાના પુત્રને બાલાચડી સૈનિક સ્કુલમાં ધોરણ-૬માં એડમીશન અપાવવા બે શૈક્ષણિક સત્રમાં ભરેલા અરજીપત્રકમાં તા. ૧૪/૧/૧૯૮૦ અને ૧૪/૧૧/ ૧૯૮૦ એમ બે જુદી જુદી જન્મ તારીખના દાખલા રજુ કરવા અંગે ફરિયાદી સ્વ. એમ.એમ. રાજપરાની ફરિયાદ ઉપરથી ગુનો નોંધાયો હતો.

આ કેસનો ૩૩ વર્ષે ચુકાદો આપતા જોડીયા કોર્ટે આરોપી પ્રવિણભાઈને કલમ ૪૬૫ અને ૪૭૧માં તકસીરવાન ઠરાવીને બે વર્ષની સાદી જેલ સજા અને રૂ.૧૦ હજાર દંડનો અને જો દંડ ન ભરે તો આરોપીને વધુ બે માસની જેલનો હુકમ ફરમાવ્યો છે. સરકાર પક્ષે મદદનીશ વકીલ એન.કે.પરમાર રોકાયા હતા.

# અકસ્માત કેસમાં મૃતક યુવકના પરિવારને ૩૫ લાખનું વળતર ચૂકવવા વીમા કંપનીને કોર્ટનો હુકમ

■ ટ્રેલરની ઠોકરે બાઈક્ચાલક યુવાનનું મોત નિપજતા વારસદારોએ ક્લેઈમ કેસ દાખલ કર્યો'તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અકસ્માતમાં મૃત્યુને ભેટેલા માતા-પિતાના આધાર સ્થંભ યુવકનાં કલેઈમ કેસમાં વ્યાજ સહીત રૂ.૩૫ લાખનું જંગી વળતર કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવ્યું છે. આ અંગેની હકીકત મુજબ રાજકોટનાં કોઠારીયા રોડ શ્રીનગર સોસાયટીમાં રહેતા અને હાલ મોરબી જિલ્લાનાં ઘૂંટુ ગામમાં કંપનીમાં ડીજીટલ ઓપરેટર તરીકે નોકરી કરતા ફુલદિપસિંહ જીતેન્દ્રભાઈ વાઘેલા (ઉ.વ.૨૧) પોતાનું મોટર સાયકલ ચલાવીને જતા હતા ત્યારે ઘુટું-ઉંચી માંડલ જતા રસ્તામાં



એડવોકેટ

કારખાના ગોડાઉન સામે રોડ ઉપર પહોંચતા ટ્રેલર નં. આરજે-૧૯-જીએફ-૯૧૯૨ના ચાલકે હડફેટે લેતાં સર્જાયેલા જીવલેણ અકસ્માતમાં મૃત્યુ નીપજ્યું હતું. માતા-પિતાના આધાર સ્થંભ એકના એક પુત્રના મોતથી નિરાધાર બનેલા પરિવાર દ્વારા ટ્રેલરનાં માલિક અને વીમા કંપની સામે રાજકોટ ટીબ્યુનલમાં તેમના વકીલ મારફત કલેઈમ કેસ દાખલ કર્યો હતો. જે કેસ ચાલી જતા અરજદાર વકીલ દ્વારા મૃતકની આવક સાબિત કરવા કંપનીનાં જવાબદાર અધિકારીને તપાસવામાં આવેલ તેની સામે વીમા કંપની દ્વારા એવી દલીલ કરવામાં આવેલ કે મૃતકને જે પગાર મળતો હતો તેમાંથી અન્ય ભથ્થાઓની રકમ મળતી હતી તે મળી શકે નહી અને તેથી મૃતકની બેઝીક સેલેરી જ ધ્યાનમાં લેવી જોઈએ. તેની સામે મૃતકનાં વકીલ દ્વારા સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાઓ રજુ કરી દલીલ કરવામાં આવેલ કે, મૃતકને મળવાપાત્ર કુલ પગારની નુકશાની તેમનાં વારસદારોને ગયેલ છે અને તે તમામ ભથ્થાઓ મૃતકની આવક જ ગણાય તે મુજબની દલીલો કરેલ. જે ધ્યાને લઈ ટ્રીબ્યુનલ દ્વારા મૃતકની ઉમર ધ્યાને લઈને ૪૦ ટકા ફયુચર પ્રોસ્પેકટીવ આવક ધ્યાનમાં લઈને મૃતક કુલદીપસિંહ વાઘેલાનાં કલેઈમ કેસમાં વ્યાજ સહીત રૂા.૩૫ લાખથી વધારે વળતરની રકમ માત્ર ૩ વર્ષનાં ટુંકા ગાળામાં મંજુર કરવામાં આવી છે. આ કેસમાં અરજદાર વતી રાજકોટ કલેઈમ કેસનાં નિષ્ણાંત વકીલ રવીન્દ્ર ડી. ગોહેલ, સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી), આસીસ્ટન્ટ દિનેશ ડી. ગોહેલ, જતીન પી. ગોહેલ અને જયેશ મકવાણા રોકાયા હતાં.

# કોઠારીયા ગામે કાકાના લગ્નના આગલા દિવસે જ ભત્રીજાનું બાઈક અકસ્માતમાં મોત

■ સમૂહલગ્નમાં જતી વખતે ઘટી ઘટનાઃ યુવકના મોતથી પરિવારમાં લગ્નનો માહોલ માતમમાં ફેરવાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોઠારીયા ગામે કાકાના લગ્નના આગલા દિવસે ખોખડદળ ગામે રાત્રીના સમયે સમૂહલગ્નમાં જઈ રહેલા યુવકનું બિલ સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં ઘવાયેલા યુવાનનું મોત નિપજતા પરિવારમાં કરુણ કલ્પાંત સર્જાયો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના કોઠારીયા ગામે રહેતો ભાવેશ નિલેશભાઈ ધાડવી નામનો ૧૯ વર્ષનો યુવાન રાત્રીના દસેક વાગ્યાના અરસામાં પોતાનું બાઈક લઈને ખોખડદળ ગામે કોળી સમાજના સમુહ લગ્નમાં જઈ રહ્યો હતો ત્યારે કોઠારીયા ગામ નજીક બાઈક સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો. જે બાઈક અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ



હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેમની સારવાર કારગત નિવડે તે પૂર્વે મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી હતી.

પ્રાથમિક તપાસમાં મૃતક ભાવેશ ધાડવી બે ભાઈમાં મોટો હતો અને રવિવારના રોજ કાકા જયેશભાઈ ધાડવીના લગ્ન હતા અને કાકાના માંડવા મુહરતના દિવસે રાત્રીના સમયે ખોખડદળ ગામે કોળી સમાજના સમુહ લગ્નમાં હાજરી આપવા જતો હતો ત્યારે સર્જાયેલો અકસ્માત જીવલેણ નીવડયો હોવાનું જાણવા મળ્યું છે.

# ઈન્સ્ટાગ્રામમાં પરિણીતાને મેસેજ કરવા મુદ્દે કારખાનેદાર પર ચાર શખ્સોનો હુમલો

જેતપુર શહેરના નવાગઢમાં રહેતા કારખાનેદાર યુવાનને ઈન્સ્ટાગ્રામમાં પરિણીતાને મેસેજ કરવાના બહાના હેઠળ પરિણીતાના પતિ સહિતના ચાર શખ્સોએ પૂર્વયોજીત કાવતરું રચી ફોન કરી બોલાવી ગાળો આપી ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. શહેરના નવાગઢ વિસ્તારમાં રહેતો અને ઈલાહી ચોકમાં નંદગોપાલ પ્રિન્ટ નામનું સાડીનું કારખાનું ધરાવતા અંકિત રાદડિયાએ સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરીયાદ મુજબ, તેને મિત્ર રાજ કોરાટના સસરા ભુપતભાઈ ભુવાના મોબાઈલમાંથી કોલ આવ્યો હતો. અને જણાવેલ કે તે હાર્દિક ગોંડલીયાની પત્નીને ઈન્સ્ટાગ્રામમાં મેસેજ કરેલ હતો ? તે વાતની ચોખવટ કરવી છે માટે શહેરના જૂનાગઢ રોડ પર આવ. તે ભુપતભાઈએ બોલાવેલ સ્થળે જતા ત્યાં હાજર ભુપતભાઈ, હાર્દિક ગોંડલીયા, આશીષ ગોંડલીયા અને દિવ્યાંગ ગોંડલીયાએ પ્રથમ ઈન્સ્ટાગ્રામ પર કોલ, મેસેજ વિશે પુછપરછ કરી પરંતુ અંકિતે આ બાબતે ઈન્કાર કરતા દિવ્યાંગે મોબાઈલ જોવા માંગ્યો. તેને મોબાઈલ આપતા તેમાં કઈ વાંધાજનક મળી ન આવતા ચારેય ઉશ્કેરાયે ગયા અને તે મેસેજ કર્યો જ છે તે તારું ખોટું ઈન્સ્ટાગ્રામ આઈડી આપ્યું છે તેમ કહી ગાળો બોલી ઢીકાપાટુનો મારમારવા લાગેલ હતાં. ચારેય શખ્સોને હજુ વિશ્વાસ ન હોય અંકિતને જેતલસર પાસે બોલાવેલ ત્યાં પણ મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# વિજય કોમર્શિયલ બેંકના રૂ.૯૩ લાખના લોન કૌભાંડમાં એક આરોપીના આગોતરા નામંજુર

## આરોપી બેંકના કર્મચારી ન હોવાના બચાવને દુરગામી ગણતી સેશન્સ અદાલત

વિજય કોમર્શિયલ કો.ઓ. બેંક પાસેથી ૧૦ કાર માટે લોન મંજુર કરાવી રૂ. ૯૩ લાખની રકમની ઉચાપત કરવાના ગુનામાં સંડોવાયેલા આરોપી લક્ષ્યાંક વિઠ્ઠલાણીની આગોતરા જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે. આ કેસની હકીકત વિજય કોમર્શિયલ કો.ઓ. બેંકમાં બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવતા દેવિકાબેન વસાએ શ્રૃજય વોરા અને લક્ષ્યાંક વિઠ્ઠલાણીએ સાથે મળી બે અલગ અલગ પેઢીઓના નામે રૂ. ૯૩.૧૫ લાખની લોન મંજુર કરવી હતી. આ લોન મેળવવા બન્નેએ કાવતરૂ રચી પોતાના સગા વ્હાલાઓ અને ઓળખીતાઓ તેમજ અન્ય લોકોના નામની આર.સી. બુક, ઈન્સ્યોરન્સ પોલીસી, મોટરકારના કોટેશનો તથા બીલો વિગેરે ખોટા ડોક્યુમેન્ટસ રજુ કરી ૧૦ મોટર કારો માટે રૂ. ૯૩.૧૫ લાખની લોન મેળવી લીધી હતી. આ કૌભાંડ બહાર આવતા એ-ડીવીઝન પોલીસે પાંચ આરોપીઓ સામે ફરિયાદ દાખલ કરી હતી. જે કેસમાં સંડોવાયેલા આરોપી લક્ષ્યાંક વિઠ્ઠલાણીએ પોલીસ ધરપકડની દહેશતે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા સરકાર તરફેની રજુઆતો ગ્રાહ્ય રાખી સેશન્સ જજ ડી.એસ.સિંઘે આરોપી લક્ષ્યાંક શૈલેષભાઈ વિઠ્ઠલાણીની આગોતરા જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે. આ કેસમાં જીલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયેલ છે.

# હીરાસર એરપોર્ટ પર નવા ટર્મિનલમાં કાઉન્ટર પાસે સાપના બચ્ચાના આંટાફેરાથી ગભરાટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બન્યુ ત્યારથી જ સુરખિયોમાં રહેવા લાગ્યુ છે. પહેલા નવા ટર્મિનલની સુવિધા પર સવાલો ઉઠ્યા હતા તો હવે રૂ.૩૨૬ કરોડના ખર્ચે બનેલા તે જ નવા ટર્મિનલમાં કાઉન્ટર પાસે સાપના બચ્ચા આંટાફેરા કરતા એરપોર્ટનો સ્ટાફ ગભરાઈ ગયો હતો.

રાજકોટ હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હાલ ભલે ઈન્ટરનેશનલ ફ્લાઈટ ઉડાન ન ભરતી હોય પરંતુ સુરક્ષા અને સુવિધા પર કરોડો રૂપિયા ખરચવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે જ આ એરપોર્ટ ખુલ્લુ મૂકવામાં આવ્યુ હતું. જ્યારે તેઓ સોમવારના રોજ હીરાસર એરપોર્ટ પર આવીર હ્યા હતા તેના આગલા દિવસે એટલે રવિવારે સવારે નવા ટર્મિનલમાં કાઉન્ટર પાસે સાપના બચ્ચા



આંટાફેરા કરતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો. કાઉન્ટર પાસે કામ કરતા સ્ટાફના લોકો પણ સાપના બચ્ચાને જોઈ ગભરાઈ ગયા હતા. જયા કડક સુરક્ષા વચ્ચે કોઈ પંખી પણ આવી ન શકે તેવી જગ્યા પર સાપના બચ્ચા આવતા સ્ટાફના લોકોમાં પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે.

# શહેરમાં પ્રૌઢા સહિત ચાર લોકોના હૃદય ધબકારા ચુકી ગયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રામનાથપરામાં મહાદેવના દર્શને ગયેલા પ્રૌઢ, કારખાનામાં કોલેટી કંટ્રોલ મેનેજર અને પ્રોઢા સહિત ચારને આવેલો હદયરોગનો હુમલો જીવલેણ નિવડતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે વિગત મુજબ રાજમોતી મીલ પાછળ રહેતા વલ્લભભાઈ હરજીભાઈ રંગપરા નામના ૪૫ વર્ષના પ્રૌઢ સવારના આઠેક વાગ્યાના અરસામાં રામનાથપરા મહાદેવના મંદિરે દર્શન કરવા ગયા હતા ત્યારે ત્યાં તેમને હદયરોગનો હુમલો આવતા બેભાન હાલતમાં ઢળી પડ્યા -હતા. પ્રૌઢને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં તેમનું મોત નીપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતકને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે.

બીજા બનાવમાં મવડીમાં આવેલ બાપા સીતારામ ચોક પાસે રહેતા હરજીભાઈ ભનુભાઈ સાકરીયા નામના ૬૫ વર્ષના વૃદ્ધ ક્રૂ ક્રૂ જીઆઈડીસીમાં આવેલ ગુજરાત ફોજીગમાં કોલેટી કંટ્રોલ મેનેજર તરીકે નોકરી ઉપર હતા ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ડોકટરે જોઈ તપાસી વૃદ્ધનું હૃદયરોગના હુમલાથી મોત નિપજયુ હોવાનું જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

ત્રીજા બનાવમાં પોપટપરામાં આવેલા મિયાણા વાસમાં રહેતા પ્રદીપભાઈ કનૈયાલાલ લાખાણી નામના ૫૦ વર્ષના આધેડ સવારના સમયે પોતાના ઘરે હતા ત્યારે હૃદયરોગમાં હુમલો આવતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કર્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં મૃતક



પ્રદીપભાઈ લાખાણી ચાર ભાઈ બે બહેનમાં મોટા અને અપરિણીત હતા. અને રીક્ષા ચલાવી પોતાનું ગુજરાન ચલાવતા હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત ચોથા બનાવમાં ગાંધીગ્રામમાં રહેતા લેખારાનીબેન અરતનભાઈ માજી નામના ૫૫ વર્ષના પ્રોઢા સવારના પોતાના ઘરે હતા ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રોઢાનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હોવાનું જાહેર કરતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ફઈના ઘરે આવેલી સગીરાને મોવૈયાનો વિધર્મી શખ્સ ભગાડી ગયો

## સગીરા કરીયાણાની દુકાને બેસતી ત્યારે શખ્સ મજાક મસ્તી કરતો




પડધરી પંથકની સગીરાને રાજકોટ રહેતા ફઈના ઘરેથી મોવૈયાનો વિધર્મી શખસ લગ્નની લાલચે અપહરણ કરી ભગાડી ગયો હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.પડધરી પંથકમાં રહેતા માવતરે રાજકોટ આજીડેમ પોલીસમાં મોવૈયાના યાસીન અનુભાઈ હાલાણી સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે મારે છ સંતાન છે. બે વર્ષ પહેલા મેં કરીયાણાની દુકાન ચાલુ કરી હોઈ ક્યારેક સગીર વયની દિકરી પણ બેસતી હતી. ત્યારે યાસીન દૂકાને આવતો અને પુત્રીની મજાક મશ્કરી કરતો હોય જેથી પુત્રીએ મને વાત કરતા મેં આ બાબતે યાસીનના પિતાને વાત કરી હતી અને તેના દિકરાને સમજાવી દેવા કહ્યું હતું. યાસીન થોડો સમય સુધરી ગયો હતો. બાદ ફરી મારા ઘર નજીક મોટર સાયકલ લઈને નીકળતો અને મારી દીકરી સામે જોઈને ખરાબ ઈશારા કરતો જેથી એક મહિના પહેલા મેં દિકરીને રાજકોટ સગાને ત્યાં મોકલી દીધી હતી અને પંદર દિવસ બાદ પુત્રી પાસેથી મોબાઈલ ફોન મળી આવતા સગાએ મને રાજકોટ બોલાવતા મેં ત્યાં જઈ પુછતાછ કરતાં દિકરીએ ફોન વેંચાતો લીધાનું કહ્યું હતું. પુત્રી યાસીન સાથે ફોનમાં વાત કરતી હોવાનું જણાતાં સીમકાર્ડ તોડી નાંખ્યું હતું અને ફોન લઈ લીધો હતો. બાદ પુત્રી ગૂમ થતા યાસીન તેણીને ફોસલાવી ભગાડી ગયો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.